
હેડ ઑફીસ

શ્રી દુવારીકાધીસ,
ઔષધાલય.



પ્રગટ કર્તા,

વઈદ શાસ્ત્રી દયાશંકર હિરજીભાઇ

જોડીયા બજાર,—કરાચી.

PRINTED at the BRITANNIA PRESS, by D. N. MANDRA, and
PUBLISHED by DAYASHANKER HIRJIBHOY, KARACHI,

શ્રી દુવારીકાદાસ આષધાલયના નીયમો.

૧. ગ્રાહકોને દરેક કાગળમાં પોતનું નામ ગામ પોષ્ટ આફીસ તથા જીલ્લો ચોકખા હરફમાં લખવા વિનતી કરવામાં આવે છે.

૨. આ સુચીપત્રમાં દર્શાવેલી દવાઓ માત્ર અમારી હેડ ઓફીસ બ્રાંચ અને એજન્સીઓ માંથીજ મળી શકશે.

૩. ડબી, ડબા, તેમજ શીશીનો પા અધો અગર બીજો કોઈપણ ભાગ મોકલવામાં આવતો નથી. માટે આ સુચીપત્રમાં જણાવ્યા મુજબ દવાઓની માગણી કરવાની ગ્રાહકોએ મહેરબાની કરવી

૪. કોઈપણ દવા ઉધાર, તેમજ અનુભવ યાને નમુના દાખલ મફત કે ઓછી કીમતે કદીપણ મોકલવામાં આવતી નથી.

૫. દવા મંગાવનાર માણસે દવાની કીમત ઉપરાંત પોષ્ટેજ વી. પી. અને પેકીગ ખર્ચ પોતાને શીર સમજવાનું છે.

૬. રૂ. ૬ ની કીમતની દવા મંગાવનાર માણસને સેંકડે ૧૨। ટકા અને રૂ. બારની કીમતની દવા મંગાવનારને સેંકડે ૨૫ ટકા કમીશન આપવામાં આવે છે અમારા એજન્ટ થવાની ઈચ્છા ધરાવનાર માણસોએ યોગ્ય કમીશન માટે અમોને લખી જણાવવું.

૭. દવા વાપરવાની રીત અને ખોરાક સબંધી સુચનાઓ દવાઓની સાથેજ છાપેલ કાગલમાં મોકલવામાં આવે છે

૮ સઘળો પત્ર વહેવાર હમેશાં ખાનગી રાખવામાં આવે છે.

૯. ઈંગ્રેજી, ગુજરાતી, હીન્દી, મરાઠી, બંગાલી, તામીલ, તેલંગુ, કનેરીજ, ઉરદુ, આદી ભાષામાં પત્ર વહેવાર કરી શકાય છે.

૧૦. દરેક કાગલમાં અમારા આગલા કાગળનો નંબર તથા તારીખ જણાવવા ભુલવું નહી.

રસિકશાસ્ત્ર.

આવૃત્તિ ૪થી

નકલ ૧૦૦૦,

હેડ ઓફીસ

દ્વારિકાધીશ ઔષધાલય,

જોડીઆ બજાર,—કરાચી

વૈદ્ય શાસ્ત્રી દયાશંકર હીરજીભાઈ.

પ્રગટ કર્તા

ડી. એચ. વહેરૂ.

સંવત ૧૯૭૩

સને ૧૯૧૭

ચીટાનીઆ પ્રીન્ટીંગ પ્રેસમાં

ડી. એન. મંનડરાએ છાપ્યું,

ફ્રીયર રોડ — કરાચી.

શહેનશાહી યાકુતિના સબંધમાં અમારૂં પોતાનું

—ంం સર્ટિફીકેટ. ంం—

"**શહેનશાહી યાકુતિમાં** કોઇપણ જાતનું નુકશાન કરે એવી કોઇપણ જાતની મેળવણી બિલકુલ કરવામાં આવતીજ નથી, તેમ તેમાં કોઇ પણ ધાતુ કે પારાની મેળવણી પણ કરવામાં આવતી નથી. એ ગોળીઓ તદ્દન વનસ્પતિનીજ બનાવટ છે. જે જે વનસ્પતિ લોહીને અને વીર્યને સુધારનાર, પાચનશક્તિને જોઇએ તેવી વધારનાર, મગજને મજબુત કરનાર, બુદ્ધિ તથા સ્મરણશક્તિને ખીલવનાર અને કૌવતનો ભરાવો કરનાર તરીકે વાજબી વખાણને પામેલી છે, તેવી વનસ્પતિઓનો આ ગોળીઓમાં બહુ વિચાર પુર્વક ઉત્તમ યોગ કરવામાં આવેલો છે અને તેથીજ એ ગોળીઓ આજ લાંબી મુદ્દત થયાં મહા-પૌષ્ટિકતરીકે પુરા વિસ્તારમાં ચાલુ ફતેહ મેળવતી રહી છે અને કંટા-ળો ભરેલાં લાંબી મુદ્દતનાં દરદોથી દુઃખી બની ગયેલા લોકોનાં ખરાં અંતઃકરણના આશીરવાદો મેળવવામાં, ચમત્કારીક અને લાંબી મુદ્દત ટકી રહે તેવો ફાયદો આપવામાં તથા ખરા પરીક્ષકોના તરફથી પુરતી પ્રશંસા મેળવવામાં, આયુર્વેદમાં ઉત્તમ ગુણોનાં ઔષધોમાં અગ્રેસર થઇ રહી છે.

વૈદ્ય શાસ્ત્રી દયાશંકર હિરજીભાઇ,

જોડીઆ બજાર,—કરાચી.

કેટલાક અગત્યના સવાલો.

૧ તમોને પેટ સાફ આવેછે ?
૨ પેટ આવતી વેળા જોર કરવું પડે છે ?
૩ પીઠના નીચેના ભાગમાં નબળાઇ કે વેદના જણાય છે ?
૪ પેસાબ કરવા ઘણી વખત જવું પડે છે ?
૫ પેસાબ કરતી વેળા બેરતરા કે વેદના થાય છે ?
૬ પેસાબમાં કોઇપણ પદાર્થનો થર જામી ગયેલો દેખાય છે ? અને તેનો રંગ લાલ, ધોળો, પાળો, ભુરો કે રેતી જેવો છે ?
૭ પેસાબમાં લોહી કે કાંકરી દેખાય છે ?
૮ તમને કોઇ દીવસ ગરમીનો વિકાર થયો હતો ?
૯ તમે પરણ્યા છો ?
૧૦ પરણ્યાપછી છોકરાં ન થયાં હોય તો તે થાય તેવી ઇચ્છા રાખોછો?
૧૧ ઇચ્છા વિરૂદ્ધ ધાતુપાત થાયછે? અને થતો હોય તો રાત્રે સ્વપ્નામાં કે દિવસે ?
૧૨ રાતમાં ધાતુપાત થતો હોય તો એક મહીનામાં કેટલીવાર? અને દિવસે થતો હોય તો તે કયે વખતે અને કેટલીવાર?
૧૩ તમારી શક્તિ ઓછી થયેલી જણાય છે?
૧૪ તમારા લગ્ન પહેલાં ધાતુપાત થતો હતો ?
૧૫ તમને પેટમાં અજીર્ણ, ભાર, આફરો, બળતરા કે કોઇ જાતની વેદના થાય છે?
૧૬ ખાણું ખાધા પછી મોળ આવેછે કે એવી બીજી કોઇ પીડા થાયછે?
૧૭ છાતીમાં વેદના કે સોજો જણાયછે?
૧૮ તમને તમારૂં શરીર ભારે લાગતું હોય એવું જણાય છે? અને પગનાં કાંડામાં સોજો થયેલ હોય એવું લાગેછે ?

૧૯ છાતી ભરાઈ આવવાની કાંઈ નિશાની માલમ પડે છે?
૨૦ તમારી જીભપર ધોળું કે પીળું, કાંઇ પડ જામી ગયુ હોય, તેમ કાંઇ જણાયછે? જીભપર રાતા ફોલા કે ચીરા દેખાય છે?
૨૧ મોઢું સુકાએલું રહેછે?
૨૨ તમોને તમારો ખોરાક લેવો ગમતો ન હોય એમ થાયછે?
૨૩ તમારો અવાજ ભારે અથવા ખોખરો થયેલો લાગે છે?
૨૪ તમારા મોઢામાંથી ખરાબ વાસ આવે છે?
૨૫ તમારી આંખ નબળી થયેલી લાગે છે?
૨૬ આંખે અંધારાં આવે છે?
૨૭ તમારૂં માથું ભારે થઇ ગયેલું હોય, એમ જણાયછે?
૨૮ તમને હરવુંફરવું, કે મહેનત કરવી નથી ગમતી?
૨૯ તમે થોડું ચાલી તરત થાકી જાઓ છો?
૩૦ તમારૂં શરીર નબળું થઇ ગયેલું હોય એવું લાગે છે?
૩૧ તમારા હાથ પગ ભીના રહે છે?
૩૨ તમને સવારે બીછાનામાંથી ઉઠવું ગમતું નથી?
૩૩ થોડાઘણી મહેનત કે વાતચીત કરયાપછી તમારૂં માથું દુખતુ હોય કે ચકરી આવતી હોય એમ જણાયછે?
૩૪ તમે નિરાશા, ચિન્તા કે ઉદાસીપણાથી હેરાન થાઓછો?
૩૫ તમે ઘડી ઘડીમાં ગભરાઇ જાઓ છો?
૩૬ તમારી યાદશક્તિ ઓછી થઇ ગએલી જણાયછે?
૩૭ તમને ખરાબ સ્વપ્ના આવેછે?
૩૮ તમને સારી મીઠી ઉંઘ આવતી નથી?
૩૯ તમારા શરીરની ચામડી ભીની, લુખી કે ફીકીછે?
૪૦ ઘણા અભ્યાસથી તમારૂં મન દબાએલું રહે છે?
૪૧ તમને તમારા ફેફસામાં બગાડ થએલો જણાયછે?

૪૨ છાતીમાં દુઃખ, દબાણ, ભાર કે નબળાઇ લાગે છે ?
૪૩ જરાપણ મહેનત કરો એટલે શ્વાસ ચડી આવેછે ?
૪૪ તમારી સ્ત્રીને ધોળું પાણી પડવાનો રોગ થયો છે? અથવા ગરભાશયમાં નીચે કંઇક ખેંચાતુ હોય એવું અથવા ભાર જેવું લાગે છે? તેનો ગરભાશય નીચે, આગળ અથવા પાછળ ખસી ગયેછે એવું વઇદયોએ કહ્યુંછે?
૪૫ માસિકઆવવા પહેલાં કે પછી વેદના કે દુખાવો થાયછે ? અને તે રીતસર કે બરોબરવખતે આવતું નથી ? અને તે થોડું કે ઝાઝું હોય છે?
૪૬ ગુહ્ય ભાગમાં સોજો, બળતરા, વેદના કે ખજવાળ થાયછે ?
૪૭ તમારી સ્ત્રીને વખતો વખત બચ્ચું અધરે પડેછે ?
૪૮ તમારા અથવા તો તમારી સ્ત્રીના ઉપરના કોઇ રોગ માટે તમે દવાઓ કરી કંટાળી ગયા છો ?
૪૯ તમોએ **શાહેનશાહી** યાકુતિ એ નામ સાંભળ્યુ છે ?

ઉપર કહેલા રોગમાંથી તમારે તરત છુટા થવું હોય તો, અખા હિંદુસ્તાનમાં તથા બહાર દેશાવરોમાં શારી પેઠે જાણીતી થયેલી શક્તિની "**શાહેનશાહી યાકુતિ**" જરૂર વાપરો. ઘણા નાંમકિત ડોકટરો તથા વઇદયો એ યાકુતી માટે બહુ ભલામણ કરે છે. એ યાકુતીને માટે બેસુમાર સરટિફીકેટો મળેલાં છે. ઉપર કહેલા રોગમાંથી મુક્ત થયેલા હજારો દરદીઓ એ યાકુતી ઉપર તથા તેના બનાવનાર ઉપર આશીરવાદોનો વરસાદ વરસાવેલ છે. **શાહેનશાહી યાકુતિનો** યુરોપીયન લોકો પણ ઉપયોગ કરવા લાગ્યા છે, તેનું કારણ એટલુંજ છે કે એ ગોળીઓમાં ઘણી ચમત્કારી દેશી વનસ્પતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં પારાનો કે કોઇ ધાતુનો બીલકુલ ઉપયોગ

કરવામાં આવતો નથી. તે માત્ર વનસ્પતિઓજ બનાવટ છે, તેથી તે ઉપર કોઇપણ જાતની ખાસ પરેજી રાખવાની પણ જરૂર રહેતી નથી. એ યાકુતીનો જો તમો ઉપયોગ કરશો તો ઉપરના કોઇપણ દરદથી તમને પીડાવાનો વખત આવશે નહી. **શાહેનશાહી** યાકુતિનું સેવન શરૂઆતમાં પેટ સાફ લાવે છે, પછી પાચન શક્તિ સુધારે છે. પછી લોહીને સુધારેછે અને વધારેછે તથા તેપછી વીર્યને સુધારી જીવનનાં દરેક તત્વોમાં ટકાઉપણું દાખલ કરેછે. બદફેલીથી બગડી ગએલે પોતાના જુવાન છોકરાઓને **શાહેનશાહી યાકુતિ**નાં સેવનથી સારા થએલા જાઇ ઘણાં માબાંપો રાજી થયા છે **સહેનશાહી** યાકુતિ કંઇ સાધારણ ચલણી દવા નથી. એતો અસાધારણ દઇવી દવાછે, જે જે ઠેકાણે બાજી ઘણી ઘણી દવાઓ નિષ્ફળ નીવડીછે ત્યાં ત્યાં **શાહેનશાહી** યાકુતિએ ફતેહ મેળવી છે. ધાર્યું કામ કરનાર **શાહેનશાહી** યાકુતિની જગા ઉપર બેસી શકે એવી કોઇપણ દવા હજુ સુધી અજવાળામાં આવવા પામી નથી. **શાહેનશાહી** યાકુતિ આરોગ્ય આપવાની સાથે અને ટકાવી પણ રાખેછે. આરોગ્ય, કાંતિ, દરેક ઇન્દ્રિયના બળનો વધારો, વિર્યને પુષ્ટિ, લાંબુ આયુષ અને યાદ શકિતનો વધારો કરવો, લોહીનાં ઓછાં થવાથી તથા બગાડથી થયેલો ફીકોચહેરો સુધારવો, પાચનશકિત વધારવી દસ્તની અટકાયત દુર કરવી, ચકરી કળતર અને હરકોઇ જાતની નબળાઇ દુર કરવી, માથાનો દુખાવો નાબુદ કરવો તથા ધાતુ બગાડથી તથા સ્રાવથી ઉપજતાં અનેક દરદનો નાશ કરવો એ **શાહેનશાહી** યાકુતિની પ્રતીજ્ઞા છે. એ યાકુતીની કીમત પણ ભારે નથી **ચાલીસ ગોળીઓની ડબી એકના રૂપીઆ દશ.** સામટી ડબી ખરીદનારને ઉમદા ભેટનો પણ લાભ મળે છે.

પુરૂષનું વીર્ય કેમ બગડે છે?

તથા

પુરૂષ નપુંસક શથિતિમાં કેમ આવી પડે છે?

યોગ્ય ઉમરે સ્ત્રી નહિ મલવાથી અથવા તો ખરાબ સંગતને લીધે કુટેવ પાડવાથી વીર્યને જે રસ્તે, રસ્તો આપવો જોઇએ તે રસ્તે નહિ આપતાં તેને હસ્તક્રિયા અથવા હાથરસથી બહાર કાઢવામાં આવવાથી, તરતની જાવાનીમાં ધાતુને બહાર કાઢી નાખવાથી, ખાવા-પીવાની અને ઉંઘવાની ટેવની માફક ભોગવિલાસની ટેવ રાખવાથી, સ્વપ્નામાં કે પેસાબમાં અથવા એમને એમ વગરઇચ્છાએ ધાતુનાજવાથી, વખતવિના સ્ત્રીસંગથી, હદથી જાદે સ્ત્રીસંગ કરવાથી, અતી કશરત કરવાથી, નહિ સદતા પદાર્થના સેવનથી, સૃષ્ટિવિરૂદ્ધ વર્તનથી, લુખા, કડવા, ખારા અને ખાટા પદાર્થના સેવનથી, ધડપમથી, ચીંતાથી, ભયથી, ક્રોધથી, અને વ્યાધીથી પુરૂષનું વીર્ય બગડેછે. વીર્ય બહાર નીકળતી વખત બલતરા થાય અથવા બરતું બરતું બહાર નીકળે અથવા નાહીથી મળેલું બહાર નીકળે અથવા નીકલતી વખતે પીડા ઉપજાવે તે વીર્ય બગડેલું ગણાયછે અને વીર્ય બગડવાથી માણસ નપુંશક થાય છે. નપુંશક થાયછે એટલે મનમા સ્ત્રીસંગની ઇચ્છા છતાં પણ કમતાકાતને લીધે પુરૂષ સ્ત્રીપાસે જઇ શકતો નથી અથવા કોઇ દીવસજ જઇ શકે છે સ્ત્રીસંગવખતે દમ ભરાઇ આવવો, પસીનો વરવો તથા નબળું પડી

જવું એ નપુંશક થવાની નીશાની છે. બગડેલા વીર્યને સુધારવાને અને નપુંશકપણાને મટાડવાને **શહેનશાહી યાકુતિ** એ એકજ ઇલાજ છે. એ યાકુતી કેવલ વનસ્પતિમાંથીજ બનાવવામાં આવેછે. મરદો તેમજ ઓરતોના તરેહવાર જાતના ભેદ ન સમજાય તેવા મરજોનો નાશ કરવા માટે એ યાકુતી હરીફાઈ વગરનો એક અમૂલ્ય ઉપાય ઠરી ચુક્યો છે. તેના ઘણા ઉચા ગુણો ને લીધે સરજન, વિદ્વાન ડાકટરો, વખણાયલા વઇદયો અને વિશ્વાસપાત્ર ગૃહસ્થો તરફથી અમને **વીશેષ હજારો કરતાં પણ ઘણા વધારે** સરટીફીકેટો મળ્યાં છે. સ્ત્રીઓ તેમજ મરદોને ઘણી જુવાન વયે યા ઉમરે આવ્યા પછી જે ઘડી ઘડી વગર ઈચ્છાએ ધાતુ જાય છે તેવાં દરદોમાં આ દવા બહુ ફતેહ પામી છે. સંસાર ભોગવવાને અશકત થએલા પુરૂષોને માટે એ દવા એક આશીરવાદ રૂપ છે. ધાતુ સ્ત્રાવથી ઉપજતી કમ કુવતી અને નબલાઇ તથા કામોતેજક ભાગોનુ અશકતપણું વગેરે દરદો ઉપર એ યાકુતી ઘણી જલ્દી અસર કરે છે. વળી:-**શહેનશાહી યાકુતિ** ટોનીક યાને આખા શરીરને તાકાત કે શકિત આપવાને માટે બહુ અસરકારક નીવડીછે. **શહેનશાહી યાકુતિ**માં રહેલા ઉમદા ગુણોને લીધે તેનાથી મળેલી અને મલતી જતી ફતેહથી સિદ્ધ થઇ ચુકયું છે કે તાવ આવી ગયા પછી, પેટ-ઝાડો આવ્યા પછી યા કોઇબી રીતે શરીરમાંથી લોહી અથવા ધાતુ જવાથી યા બીજાં કોઇબી નબલાં કરી નાખતાં દરદોપછી જે અતિશય નબળાઇ જણાય છે, ચાલ હાલ કરવામાં તાકાત રહેતી નથી, સહજ ચાલહાલ કર્યા પછી યા બોલવા પછી હાંફ અને ફેર આવી જાયછે, કવખતે બાલ સફેદ થઇ જાય છે અને ટુંકામાં જુવાન માણસ જઇફ જેવો જણાયછે,

તેવાં દરદોમાં **શાહેનશાહી યાકુતિ** ન પુછો એવી અસર કરે છે. એ યાકુતિ થોડા દિવસ ચાલુ રાખવાથી લોહીમાં વધારો થાય છે, આંગમાં બેમાલુમ રીતે પાછું કઉવત—જોર—શક્તિ પ્રગટી નીકળેછે, થાક લાગતો નથી, બગડી ગયેલી પાચનશક્તિમાં સુધારો થાયછે અને નાતવાની દુર થઇ રંગરૂપમાં અજાયબ જેવો ફેરફાર થાયછે. અતિશય અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓનાં ખાલી પડી ગએલાં ભેજાં અને નબળી પડી ગયેલી યા તદન ગુમ થયેલી યાદશક્તિને તાજી કરેછે, ગફલતથી, નાદાનવયની કુટેવ-થી અથવા અતિ વ્યભિચારથી આવેલી કમતાકાત અને ગુમ થયેલ મરદાઇતત્વ **શાહેનશાહી યાકુતિનાં** સેવનથી પાછું આવેછે. ધાતુંનો બગાડ થયે તેનું વહેવું થયા કરવું, સહેજબી કંઇ લંપટી વિચાર આવવાથી વીર્યપાત થવો તથા ધાતુક્ષય વગેરે કારણથી થતી દરેક જાતની નબળાઇમાં એ યાકુતીનાં પરિણામે પુરતો સંતોષ આપ્યો છે. લોહીના બગાડથી, ચાલુ તાપ રહેવાથી, લોહી યા આમ ગયા કરવાથી, કોઠાની ચાલુ કબજીઆત રહેવાથી યા એવા બીજાં કારણોથી જયારે નપુંસકતા જેવું કાંઈબી જણાતું હોય ત્યારે **શાહેનશાહી યાકુતિનો** ઉપયોગ કરવો એ વધારે સહીસલામત ભરેલું છે. ધાતુનો થોડો યા ઘણો થતો સ્રાવ અને તેથી ઉપજતી નબળાઇ, કામોતેજક ભાગોનું થોડા વખતનું યા લાંબા વખતનું અશક્ત પણું **શાહેનશાહી યાકુતિમાંથી** એકદમ દુર દુર નાસે છે. એ યાકુતીમાં બગડેલાં લોહીને સાફ કરવાનો, જ્ઞાનતંતુઓનુ બળ વધારવાનો અને પાચનક્રિયાને મદદ કરી સારી ભુખ લગાડવાનો ઉમદા ગુણ રહેલોછે. વળી યાકુતીમાં મગજની તેમજ શરીરની એ બન્ને જાતની થાકને દુર કરવાનો ગુણ હોવાથી એ યાકુતીનુ સેવન કરનારા વગરથાકે કામ કરી શકે છે. કામકાજ કરવાની નાખુશી, મન તથાં તનનુ આળશ, માથાંનો સખત દુખાવો, કમરનું દુખવું, પાચન શક્તિનો બગાડો, સ્રીઓને દસ્તાનનું તદન બંધ થઇ જવું,

યાતે દુખારે થઇને બેસુમાર જવું, ધાતુનું જવું વગેરે ઘણાં સંતાપજનક દરદોનું છેવટ લાવવા **શાહેનશાહી યાકુતિ**નુ સેવન કરવા મજબુત ભલામણ કરવામાં આવે છે. કરણ કે પાચનશકિતનો વધારો કરવો બદનની અંદર લોહીનુ બરોબર રીતનુ ફરવું, ઓરત જાતનુ દસ્તાનનું રીતસર જવુ, બદનના જુદા જુદા ભાગોને જેઇતી મજબુતી આપવી વગેરે સર્વે કામોમાં **શાહેનશાહી યાકુતિ** વાજબી વખાણ પામેલી છે. વળી ઘણા જુના વખતમાં પ્રમેહ, પ્રદર, ચકરી, વાઈ વગેરે દરદોને પણ એ યાકુતી તરત નાબુદ કરે છે.

શાહેનશાહી યાકુતિ—અકેકેક સવાર સાંજ જમ્યાપછી દુધની સાથે લેવાયછે ને તેઉપર કોઇપણ જાતની પરહેજી રાખવી પડતી નથી. કમતીમાં કમતી એક ડબી પુરતી રીતે ફાયદા કારક જણાયછે.

આ યાકુતીનો વપરાસ કેવળ હિંદુસ્તાનમાંજ નહી પણ બહારના દુર દેશાવરોમાં પણ દિનપરદિન બહોળા વિસ્તારમાં થતો જાયછે. વીર્યની વૃદ્ધિ કરવામાં, ખરૂં પુરૂષત્વ આપવામાં અને સ્ત્રીઓના ગરભાશય સુધારવામાં આ યાકુતી એક આબાદ ઇલાજ છે.

એ દવાના સેવનથી મનુષ્ય દરદમાત્રથી દુર રહી શકેછે અને લાંબું આયુષ ભોગવે છે. તેથીજ દરેક મનુષ્યને એ યાકુતિનો ઉપયોગ કરવા અરજ સાથે આગ્રહ કરવામાં આવે છે.

કીમત—ગોળી ચાલીસની ડબી એકના રૂપીઆ દશ.

પોસ્ટેજ જુદું.

જેઓને જોઇએ તેમણે નીચે લખેલા સરનામે લખી જણાવવું.

⚜ વૈદ્ય શાસ્ત્રી દયાશંકર હિરજીભાઈ, ⚜

જોડીઆ બજાર,—કરાચી.

મનુષ્યનું દિર્ઘાયુષ

અને

અમૂલ્ય રત્ન.

આ અમુલ્ય રત્નનો જો કોઇ માણસ શ્રદ્ધાથી પાઠ કરશે તે આરોગ્ય, યશ, આનંદ, ધનધાન્ય અને ઉતમ પુત્ર પરીવારની પ્રાપ્તિ થાય છે.

૧ જે આત્માના બંધનમોક્ષની વાતો આપણે કરીએ છીએ તે બંધનમોક્ષનો આધાર તન અને મનનાપર છે.

૨ તન અને મનનો નીત્ય સબંધ હોય છે, પરસ્પરકે આશ્રય વિના તેની ઉન્તી અશકય છે.

૩ શરીરશુદ્ધિ—નિરોગતા, અને મનશુદ્ધિ—સદ્વર્તન એ બને આત્માના પ્રધાન છે.

૪ લખી રાખવું કે તનમનની શુદ્ધિ વા અશુદ્ધિનો પોષણના પદાર્થ ઉપર વિશેય આધાર રહે છે.

૫ શરીર, મન આત્માની ઉન્નતિ માટે શુદ્ધ અને સાદા ખોરાકની જરૂર છે.

૬ બ્યાધી એ શરીરના અપરાધની શીક્ષાછે, અને શરીરના અપરાધની શીક્ષા શરીરનેજ થવી જોઇએ.

૭ બીજા અપરાધને માટે દંડ, જેલ, ફટકા અને ફાંસીની સજા છે, અને શરીરના અપરાધને માટે બ્યાધી, ડાકટરોની ફી, પથારી અને અકાલે મ્રત્યુ છે.

૮ જેવી રીતે આપણા ગુણદોષ સ્થુલ શરીર સાથેછે તેવાજ ગુણદોષ સુક્ષ્મ શરીર—મન સાથે રહે છે.

૯ આપણી ભુલને માટે કુદરત રોગ મોકલેછે, અને તેને ધીરજથી ભોગવી પ્રથમ ભુલ સુધારવી જોઇએ.

૧૦ લખી રાખવું કે આપણો રોગ આપણી વા આપણાં માબાપની ભુલોનાં કડવાં ફળ છે.

૧૧ આપણા શારીરિક અને માનસીક રોગ વા વિકારોનો હીસ્સો આપણા બચ્ચાને મલેછે.

૧૨ રોગી અને દુરાચારી માબાપ નિરોગી અને સદાચારી બાલકને જનમ દેવા લાયક નથી.

૧૩ કપડાલત્તાથી ભરપુર રોગી બાલક ધુડને સણગારવાથી જરા પણ વધારે ઉપયોગી નથી.

૧૪ બ્રહ્મચર્ય તે શરીરરૂપી મકાનની જડ છે અને 'બાળલગ્ન' તે મકાનને નષ્ટ ભ્રષ્ટ કરે છે.

૧૫ પંચકેશ રાખવા તે કાંઇ 'બ્રહ્મચર્ય' કહેવાતુ નથી, વીર્યની રક્ષા કરવી તેનું નામ બ્રહ્મચર્ય કહેવાય છે.

૧૬ વીર્ય બાબત જે માણસ જમા ઉધારનો હીસાબ રાખતો નથી તે માણુસ ચોકસ દીવાળું કાઢેછે.

૧૭ આપણા બધા આચાર દેખાવ માટે નથી પણ આરોગ્યતા માટે પાલન કરવા જોઇએ.

૧૮ છંદ્રીઓને ખરાબ ટેવ પડી હોય તે ટેવ જતી નથી તે માટે તેનાથી સાવચેત રહેવું.

૧૯ ધ્યાનમાં રાખવું કે વ્યાધીથી ઉટ વઇદોની દવા નુકશાન કારક છે.

૨૦ શરીરમાં થવાના પરિવરતનને જોવા માટે કૂદરતે આપણુને આંખ્યો અને ત્વચારૂપ દર્પણ આપેલ છે.

૨૧ મળમુત્ર વગેરેને વારમવાર રોકવાથી અનેક વ્યાધીઓ પેદા થાય છે, તે આપ સમજો છો.

૨૨ શરીરને હમેશાં સ્વચ્છ રાખવું એ આરોગ્યતાનું નિધાન છે.

૨૩ આપાણા ભોજનગૃહમાં લખી રાખવુ કે, નીયમસર ચાવીને ખાવું તે તન્દુરસ્તીની કુચી છે.

૨૪ બીજુ લખી રાખવુ કે સાદા અને સાત્વીક ખોરાક તે તન્દુરસ્તીની બીજી કુચી છે.

૨૫ હરહમેશ ધ્યાનમાં રાખવુ કે શુદ્ધવાયુ, શુદ્ધજળ, પ્રકાશ અને સ્વચ્છતા તે ઉત્તમ જીવન સમજવું.

૨૬ જે માણુસ ભે જનના ઠામપર બેસી વધારે જમવામાં પોતાની બહાદુરી સમજે છે તે પોતાના હાથેજ પોતાનુ ખુન કરે છે.

૨૭ ગરમ પદાર્થ ખાવાથી જેટલી હાની થાય છે તેથી વિશેષ જલ્દી ખાવાથી હાની થાયછે.

૨૮ જમવાનો ટાઇમ થાય તે તેનો સમય નથી, પણ જયારે ભુખ લાગે ત્યારે સમય લેખાય છે.

૨૯ જમવા બેસતી વખને આપણે પેટની સલાહ લેવી જોઇએ, પણ જીભની સલાહની જરૂર નથી.

૩૦ લખી રાખવુ કે આપણી વ્યાધી આપણાં બગડેલા પેટમાંથી ઉત્પન થાય છે.

૩૧ ધ્યાનમાં રાખવું કે વીર્ય સબંધી અનેક વિકાર બગડી ગયેલી પાચનશક્તિનુ કારણ છે.

૩૨ આપણી નોટ બુકમાં લખી રાખવું કે જો ઇન્દ્રો અપરાધ કરતી હોય તો તે ઇન્દ્રીને કુદરત શીક્ષા કરે છે.

૩૩ લખી રાખો કે **સહેનશાહી યાકુતિ** ગયેલી જુવાની પાછી લાવી આપે છે તે તેની પ્રતિજ્ઞા છે.

૩૪ શરીરનું યંત્ર ચુલાને આધીન છે, તે માટે ચુલાને–હોજરીનું હમેશા ધ્યાન રાંખવું.

૩૫ તમોને ખબર નહોય તો હવેથી સમજજો કે બગડેલા દાંતથી પણ તમારી પાચન ક્રીયામાં બગાડ થાય છે.

૩૬ તમને ખબર ન હોય તો હવેથી સમજજો કે મોઢુ ઢાંકી સુવું તે હલકુ વીષ ખાવા બરોબર છે.

વૈદ્ય શાસ્ત્રી દયાશંકર હીરજીભાઈ.

જોડીઆ બજાર,—કરાચી



રશિકશાસ્ત્ર.

જીંદગી પાણીના રેલાસમાન વહી ચાલી, તંદુરસ્તી લગભગ સઘળી જતી રહી, શરીર સઘળું રોગી બની ગયું, સાધારણ સમજશકિત પણ ઓછી થવા લાગી, શરીરમાં તાકાતતો બીલકુલ રહીજ નહિ, નામર્દી પણ ધીમે ધીમે જણાવા લાગી અને ધીમે ધીમે જુવાની બધી ઝમક અને તેજ ગુમ થવા લાગ્યું આ બધું શાથી થયુ? વાંચનાર! વિચાર કરકે આ કયા પાપનુ પરિણામ હોવું જોઇએ? એવાં તે કેવાં બી રોપ્યાં હશે કે તેનાં ફળ આવાં આવ્યાં અને એવી તે કેવી મુર્ખાઇ કીધેલી હોવી જોઇએ કે જેનો આવો બદલો મળ્યો. આવાં તંદુરસ્ત, નિરોગી શરીરની ટુંક ઉમરમાં આમ ધુળધાણી કરી નાખનાર કોણ અને કેવો શતરૂ હોવો જોઇએ? એવું તે કેવું કાતેલ. ઝેરી હથીયાર હોવું જોઇએ, કે જે માણસની જીંદગીના રોપાને જડમુળથીજ સાબુત કાપી મુકી હમેશનો નિર્બળ કરી આખરે તેને કરમાવી મારી નાખે છે.

માણસ એક એવું ઉધરતું ઝાડ છે કે જેને સારાં તેમજ નઠારાં ફળો પણ આવી શકેછે. સારાં ફળો ન આવવાનું કુદરતી કારણુ તેના

વહાલા સાહેબ, ઘણા ઉપકારસાથે હુ જણાવાની રજા લઉંછુ કે તમારી શહેનશાહી યાકુતીથી મને ઘણા ફાયદા થયા છે. એ યાકુતી લેવા માટે હુ મારા મીતરોને ભલામણ કરૂ છુ.

ઓચ્છવલાલ ઉમીયાંશંકર.
માંગરોળ.

મુળમાં સડો પેસવાનુ છે; પણ એવી તે સડાવી નાખનારી સી ચીજ હશે કે જેથી તે કીરતારે ઉત્પન કરેલાં અનેક અસંખ્ય ઝાડોમાંના આ ઉમદા શરેષ્ઠ ઝાડપર મનગમતાં ફળો આવી શકતાં નથી? માણસ એવા તે કેવા અંધાપાએ પહોંચ્યો હશે કે જેથી તે પોતાનુજ હીત જોઇ ન શકયો?

આ સઘળુ વાંચી, વાંચનાર કોઇ ભળતી બાજુએ દોરવાઇ ન જાય, તેમાટે પહેલેથી જણાવવુ જોઇએ કે તે પાપ, તે બીજની વાવણી, તે મુરખાઇ તે શતરૂ, તે ઝેરી હથીયાર અને તે અંધાપો એ સઘળુ કાંઇજ નહિ પણ કેવળ અજ્ઞાન પણુછે; અને તે અજ્ઞાનપણુ 'રામકશાસ્ત્ર' સબંધી છે. અજ્ઞાન લોકો રશિકશાસ્ત્રનો અર્થ ઘણોજ બહુંદો અને અવિચારી કરે છે. આવી રીતની કમસમજને લીધે ધર્મની નિતી અને વ્યવહારિક નિતીમાં અનેક જાતનાં નુકશાનો નજરે આવવાને લીધેતે શાસ્ત્રસબંધી કાંઇપણ બોલવુ એસામાન્ય પ્રજાની ખફગી ખેંચી લેવા જેવુ થઇ પડયુછે. તે શરવશકિતમાન સાહેબે મનુષ્યજાતને પશુઓના કરતાં ઉંચી પંકિતપર મેલી છે: કારણ માણસ પોતે ખરૂ ખોટુ શમજી શકેછે અને પોતાના મનના વિકાર એટલે મનના જુસ્સાઓને કાબુ માં રાખી શકે પણ પશુઓમાં એટલું સમજવાની શકિત હોતી નથી. હવે માણસજાતને આટલા અઢિયાતી પંકતિપર મુકયાછતાં જયારે તે પોતાની સામાન્ય મનશકિતનો સાધારણ ઉપયોગ ન કરી પોતાના મનોવિકારને કાબુમાં રાખી રાકતો નથી ત્યારે તેને પશુંની પંકિતમાં

મહેરબાન સાહેબ, હુ તમારી ઉતમ શહેનશાહી યાકુતીનો વારંવાર ઉપયોગ કરૂછુ અને તેનાથી મને પુરણ ફાયદો થયો છે માટે પરીપુરણ શકિત ધરાવનારી તમારી યાકુતિને હુ ધન્યવાદ આપુંછુ.

મે. હાજી નુરમહોમદ ઉસમાન એન્ડ કું.

મદરાસ.

મેલવે, એ કોઇ પણ રીતે ખોટું કહેવાશે નહિ. આવાં પશુની પંક્તિમાં આવી પડેલાં વ્યભિચારી માણસોએ પોતે પાયમાલ થવાની અને વગોવાવાની સાથે રસીકસાસ્ત્ર પણ પાયમાલ કર્યું અને વગોવ્યું પણ આપણી કેવડી મોટી ભૂલ થાય છે? આવાં વ્યભિચારી મનુષ્યે અને રસીકસાસ્ત્રને કોઇ પણ જાતનો સબંધ ન છતાં, તેવા મનુષ્યના દોષથી આપણે રસીકસસ્ત્રનો તિરસ્કાર કર્યો જેવું થયું. એતો ખાબોચિયાનું ગંદું પાણી પીતાં શરીર બગડવાથી નિર્મળ સરોવરને નિંદવા જેવું અને બાવળના ઝાડ નીચે જતાં કાંટો વાગવાથી ખુશબોદાર મોગરાના છોડને વખોડવા જેવું થયું. આ મેટામાં મોટી ખોટી અને બેવકુફાઇભરી રીતછે. તેમજ વ્યભીચારી માણુસોના સબંધમાં બનતાં અનહદ નુકશાનો દેખી રસીક સાસ્ત્ર તરફ અવિશ્વાસ અને અણ ગમાની નજરથી જોવું, એ પણ એટલુંજ ખોટું અને બેવકુફાઇ ભર્યું છે. એક ઉત્તમ અને ઉપયોગી ચીજને ખરો ઉપયોગ ન કરતાં તેને તમે જો આડે માર્ગે વાપરશો. અને તેમ કરતાં ખત્તા પામશો, તો તેમાં વાંક તમારો છે અને નહિ કે તે ચીજનો. રસીકસાસ્ત્ર અને વ્યભિચારી પણું એ એક એકથી તદન ઉલટા, યાને એકએકનો દુશ્મન છે. જયારે પહેલાથી આપણા શરીરનું યોગ્ય રક્ષણ થઇ તે આપણને નીતિના રસ્તા પર રાખે છે, ત્યારે બીજાથી આપણું નખોદ વળી તે આપણને અનીતિના રસ્તાપર હાંકી કહાડે છે. આથી ખુલ્લો રીતે ચેતવવામાં આવેછે કે આપણા શરીરનો બાંધો જાલવવાને અને તેને વધારવાને

વ્હાલા સાહેબ તમારી શહેનશાહી ચાકુતી મને મોટી મદદગાર નીવડી છે હું ચાહું છું કે તેનો ઘણોજ ફેલાવો થાય.

હીરાભાઇ જીવાભાઇ,

વલસાડ.

રસીકસાસ્ત્રના નિયમોનું જ્ઞાન મેલવવુ અને તે નીયમોને અનુસરી વર્તવું. એ દરેક મનુષ્યની મોટામાં મોટી ફરજ છે. માણસ જાતને જે વિષયની પૂરતી જરૂર છે તે વિષયને લગતી એવી કોઈપણ કેળવણી અપાતી નથી, કે જેથી તે વીષે કાંઇપણ સુચના થઇ શકે, એટલુંજ નહિ પણ વિષય વિષે જરા ઈસારો પણ થઇ શકતો નથી, એમ મનાતું હોવાથી માણુસ પોતાની મોટમાં મોટી ફરજથી બે ખબર રહી તેથી ઉલટું વરતે છે, અને તેથી અનેક જાતનાં મનનાં તેમજ તનનાં દુ:ખમાં ફસી પડે છે. રસીકસાસ્ત્રના નિયમોના અજ્ઞાન પણાથી આવી પડતાં ભયંકર દુ:ખોનુ બારીક વિવેચન પરણેલાને તેમજ વગર પરણેલાને, જુવનને તેમજ બાલકને, અને પુરૂપને તેમજ સ્ત્રી ને બહુજ જરૂરનું છે. રસીકસાસ્ત્રના નિયમોનું જ્ઞાન અને તેને અનુસરતાં કામોથી શરીર સુખકારી રહેછે, પણ તે નિયમોનું ઉલ્લંઘન તે રોગ અને દુ;ખનુ બીજ છે. રસીકસાસ્ત્રના નિયમો, એ કુદરતના નિયમો અથવા ખુલ્લુ કહીએ તો મનની નીતિના નિયમો છે. આમ છતાં બીજી ઘણી બાબતોમાં સંભાલથી વરતવુ અને રસીકસાસ્ત્રના નિયમો કે જે સવથી વધારે ઉપયોગની બાબત છે તેમાં બેદરકાર રહેવુ, તેના કરતાં બીજી કઇ બાબત વધારે દુ:ખ ઉપજાવ નારી છે? દિવસ અસ્ત થયાપછી જેમ રાત્રીનું આવવુ નિશ્ચીતજ છે તેમ કુદરતના નિયમોનુ ઉલ્લંઘન કર્યા પછી દુ:ખ આવવુ, પણ નિશ્ચીતજ છે. આ અગત્યની બાબત પર જાણી જોઇને અથવા તો અજાણતા ધ્યાન નહિ આંપવાને લીધે વખતો

વખત ઘણાં ધાસ્તી ભર્યાં પરિણામો આપણી નજરે પડે છે, કારણકે કુદરત નાની સરખી ભુલમાં પણ અખાડા કરતી નથી; માટે કુદરતના કાયદાને માન આપવું અને તનમનની આબાદી મેલવવી એ દરેક મનુષ્યની ફરજ છે.

પોતાનું શરીર ખુબસુરત અને મજબુત બાંધાનું જોવાની દરેક ણમાસને ઇચ્છા હોયછે અને તે ઇચ્છાનું ફળ કુદરતના કાયદાના જ્ઞાનથીઅને તે તરફ માનની લાગણી બતાવવાથીજ પ્રાપ્ત થાય છે. જે વાતને કુદરત પોતે ખુલ્લી મુકવા માગે છે અને જે વાતને દરેક ભાષામાં ઉમદા શાસ્ત્રો જાહેર કરે છે, તે વાત ખુલ્લી મુકવામાં અને તે સંબંધી જ્ઞાન આપણા બાલકોને આપવામાં આપણે ખોટું શરમાલપણું રાખીએ, એ આપણી ભુલ નહિ તો બીજું શું? કુદરતે ઉમદા હેતુને માટે આપેલી શકિતનો ગેરઉપયોગ કરી તેની (શકિતની) તાકાત કમતી કરવી અને પાછલથી ઉપાય નથઇ શકે એવા મોટા પસ્તાવામાં પડવું. એ બહુજ અફસોસકારક વાત છે.

કુદરત દરેક કાયદાનું જેટલેઅંસે ઉલ્લંઘન થાયછે, તેટલા પ્રમાણમાં ઉલ્લંઘન કરનાર કુદરતની શિક્ષાને સજાવાર થાયછે. આવા કુદરતી નિયમો ઘણા છે પરંતુ તે સવાલાપર થોડે ઘણે અંસે ટીકા કર્યા પહેલાં, જે બાબત અતિ અગત્યની છે તેઉપર વાંચનારનું પહેલાં ધ્યાન ખેંચવાથી, સારી અસર થશે.

પુરૂષ જ્યારે લગભત સત્તર વર્ષની ઉમરનો થાયછે ત્યારે પ્રજાની ઉત્પત્તિ લાયક વીર્ય તેનામાં ઉત્પન્ન થાય છે.

આવીર્ય યોગ્ય ઉમ્મરે નહિ પરણવાથી અથવાતો ખરાબ સંગત ને લીધે કુટેવ પડયાથી, જે રસ્તે તેને માર્ગ આપવો જોઇએ તે રસ્તે આરગ નહિ આપતાં કેટલાએક ઉગતા જુવાનીઆઓ તેને માટે હાથ રચના ગુન્હા કરે છે. માણુસ જાતની બનાવટ ઘણી અજાયબી ભરેલી છે તેમાં પંણ સઘળા અવયવોમાં જરા પણ હરકતથી જલદી બગડી જાય, એવી ચોકકસ, મનુષ્યનો વધારો કરનારી ઇંદ્રિ (generative organ) નો વાજબી ઉપયોગ કરવાને બદલે ઉપર બતાવેલ હાની-કારક કુટેવથી તેની શકિતને તોડી નાખીને પાયમાલ થતાં ઘણાં મનુષ્યો આપણી નજરે આવે છે, જેના ઝેરી અને નાશકારક સપાટા-માં દરેક દેશના જુવાનીઆઓ આવી પડે છે, તે કુટેવનું નીચ કર્મ સઘળા દુર્ગુણોમાં સૌથી વધારે ભયંકર દુર્ગુણ છે અને મોટામાં મોટું પાપ પણ એજ છે, ઠગાઇ કરવી, ધુતારા થવું, લુંટી ખાવું, ખુન કરવાં, છાકટા બનવું, જુગાર ખેલવો અને એવાજ બીજા ભયંકર દુર્ગુણોના ભયંકર પરિણામો કરતાં પણ એ નીચ કુટેવનું પરિણામ ઘણુંજ વધારે ભયંકર અને દુઃખકારક તેમજ હાનિકારક છે. શરીરમાં ઉપ્તન થતા અનેક રોગો એકઠા થાય અને તેનું જે ભય-કર પરિણામ આવે તે, તે કુટેવના ભયકર પરિણામની સાથે સર-ખાવતાં તેનો સોમો (one hundredth) ભાગ પણ નથી. આખી દુનિયાના સઘળા જુવાન પુરૂષોમાં ઘણી ઝડપથી ફેલાતો આ દુર્ગુણ, ધુતમંત્રાતમથી, મંત્રજંત્રથી, અને એવા બીજા લાખો ઉપાયોથી પણ નીકળી ન શકે એવી ઝેરી અસર શરીરમાં દાખલ કરે છે.

વઈદ સાસ્ત્રી, તમારી પ્રખ્યાત શાહેનશાહી ચાકુતીની ડબી નાં. ચાર ટપાલ રસ્તે મોકલાવવા મહેરબાની કરશો.

અબદુલ લતીફ જમાલ,

રંગુન.

આ ભયંકર દુર્ગુણ ખીલતા ગુલાબી ગાલોને ફીકકા કરી નાખેછે, શરિરને સત્વ વગરનું કરી મુકેછે. પાચન શક્તિને ઓછી કરેછે, જીંદગીને ખુબસુરતીને છીનવી લેછે, પેસાબના અનેક રોગોને જન્મ આપેછે, પેસાબનો વધારો કરેછે, દસ્તની કબજીયત કરે છે અને ખોરાકપર અરૂચિ પેદા કરે છે.

એ કુટેવથી પેટમાં ચુંક આવેછે, દાંત સડી જાયછે, વાળ ભુરા થઈ જાયછે, શરીર પીળું પડી જાયછે, આંખો ઉંડી ઉતરી જાયછે, દિલગીરી રહ્યાકરેછે, ચહેરો લેવાઇ ગયા જેવો થઇ જાયછે, અને સારી રીતે ભુખ લાગતીનથી તથા ખાધાથી જોઈએ તેવી તૃપ્તિ થતી નથી એટલે ધરવ આવતો નથી. સંધિવાનું દરદ. પગની નબલાઇ, હરવા ફરવામાં અશક્તિ અને શેરીરના અવયવોનું સુન મારી જવું વગેરે ઘણાં ભયંકર દર્દો, એ કુટેવનાં પરિણામ છે. એ કુટેવની આદતમાં પડેલો કમનશીબ પુરૂષ તેમાંથી છુટો થવા માગે તોપણ થઇ શકતો નથી. કદાચ થોડા વખતને માટે એમ બનેછે, તો પણ પાછો તરતજ તે, તે ટેવમાં આવી પડેછે· ગરીબ બીચારો! કુટેવનો ભોગ થઇ પડેલું માણસ પોતાના વિચારોને સ્થિર રાખી શકતું નથી. તેની દૃષ્ટિ મંદ પડી જાયછે, કાન બહેર મારી જાયછે, ટુંકામાં સઘળી ઈંદ્રિયો જુઠી બની જાયછે, અવાજમાંથી મરદાઇ નાકળી જાયછે, અને પુરૂષ નબળો, ખોખરો, ભાંગો તુટો તથા રડતી સુરતજેવા બની જાયછે. કમબખ્તીથી ઘેરાયેલો તે પુરૂષ હંમેશ પોતાના જીંદગીપર વિચાર કરેછે, તેથી તેનો સ્વભાવ ચીડીયલ થઇ

મહેરબાન સાહેબ, આપના ધ્યાન ઉપર મુકવા માગું છું કે તમારી શાહેનશાહી ચાકુતી ધાતુપાતને એકદમ બંધ કરે છે તે માટે ડબી નાં. બે જલ્દી મોકલાવશો.

જોશી પરસોતમ દયાલ,

જામખંભાળીયા.

જાયછે, તેના દીલમાંથી સઘળી આશા ગોયા નાબુદ થઇ ભંગ થઇ જાયછે, વધુ અને વધુ વીર્યનું જવું હમેશાં જારી રહેછે અને છેવટ તેનું મન તથા શરીર અત્યંત નિર્બલ અને નકામું થઇ પડેછે આવો દર્દી જડબુદ્ધિનો એટલે ઇડીયટ બનતો જાયછે, ઘેલો થઇ જાયછે અને છેવટ આપઘાત પણ કરેછે. આ કુટેવમાં પડેલાં માણસો ઠીંગણા થઇ જાયછે, તેમને ઘડપણ પણ જલદીથી આવેછે અને અશક્ત તેમનાપર એકદમ ગલબો કરેછે. વાઇ, ફેફરૂં, આંચકી, શરીરનું તણાવું અને અવયવોનું ટુંકા થઇ જવું એ સઘળું આ ખાને ખરાબીનું પરિણામ છે. સાંધાઓનું પતલાપણું, આંખે અંધારાં આવવાં, નજરનું ટુંકાપણું, વાળનું ખરી પડવું, માથામાં પીડા, નાહિમતપણું, લાંબો વખત સુધી ઉભારહેવામાં અને બેસી રહેવામાં અશકતતા, સવારના બીછાનું છોડવામાં કાંઇ અજબ કંટાળો અને કોઇપણ મન તેમજ તનના કામનો અણગમો, એ સઘળુએ કુટેવનાં પરિણામની નિશાની છે. આવા માણસોના હાથ હમેશાં ઠંડા અને ભીના રહેછે અને એ વીર્યના ઘણા ખાલી થવાની નિશાની છે.

ખરાબ સોબત એ કુટેવનો શિક્ષક છે. ઘણુ કરીને ઘણા નફટ નોકરો, ગરીબ નાનાં બાળકોને એ કુટેવ લાગુ કરેછે અને પછી તે ટેવનાં ભયંકર પરિણામો વિષે ચેતવણી આપવાને તેને કોઇ મતલબ નથી એટલે તેઓ તે ટેવમાં ચાલુ રહેછે. હલકા પ્રકારના નાવેલો અને વાર્તાઓ વાંચવાથી પણ આ કુટેવ લાગુ પડેછે.

વ્હાલા સાહેબ, આપની શાહેનશાહી યાકુતીનો વારમ્વાર ઉપયોગ કરૂં છું અને તેનાથી મને સારો ફાયદો થયો છે માટે તમારી યાકુતીને હું ધન્યવાદ આપું છું.

આદમઅલી સુલતાનઅલી,

સુરત.

એક વખત અમુક બાળકને આપણે ઘણું ચંચળ અને કિ દા યાદ-શકિતવાળું જોઇએ છીએ અને પાછળથી તે મુર્ખ અને ઠોઠ થઇ ગયેલું માલુમ પડેછે ત્યારે તેનાપર આલસ કે કોઇ એવી બીજી રીતનું તહોમત મુકવા પહેલાં તે, તે કુટેવનો ભોગ થઇ પડેલ છે કે નહિ તે તપાસવું. જોઇએ.

અફસોસ! કુદરતથીજ શ્રેષ્ઠ બુદ્ધિવાલા અને માનવમંડલના શણુગા-ગારરૂપ નિર્માણ થયેલા ઘણા પુરૂષો આ કુટેવમાં પડી ડુબી જાય-છે. એ બાબત ખરેખર અંતઃકરણને કોતરનારી છે. આ કુટેવ મા-ણસના શરીરને અને મનને તદ્દન નીર્બલ કરી નાખેછે. તેનું મુખ્ય કારણ એ છે કે તેથી કુદરતના નિમેલા નિયમપ્રમણેના સંબંધવગર બરાબર સંતોષ થતો નથી અને તેથી વધુને વધુ એ કુટેવની ક્રીયા ચાલુ રાખવાની તેની ઇચ્છા મજબુત થતી જાયછે. વળી યોગ્ય ઉ-મ્મરે પહોંચ્યા પહેલાં લાગુ પડેલી આ કુટેવ અતીશય નુકસાનકા-રક છે, કારણકે તેટલી નાની ઉમ્મરે વીર્ય પેદા થયેલું ન હોવાથી તે નીકળતું નથી અને તેથી આખા શરીરને આંચકો લાગે છે, શ-કિત ઘટેછે અને તે ભાગ એટલોતો નબળો પડી જાયછે કે જયારે મનુષ્ય ઉમ્મરે પહોંચે છે અને વીર્યની ઉત્પત્તિ થાયછે ત્યારે તે ભા-ગ વીર્યને ટકાવી શકતો નથી અને તેથી જાગૃત થયા સિવાય વીર્ય બહાર નીકળી પડેછે અને તેનું જીવનતત્વ પાતળું અને પાણી જે-વું થયછે. વીર્યની ઉત્પત્તિ પહેલાં કે પછી એ કુટેવનું પરિણામ એ

આવેછે કે, કેટલીક વખત વીર્ય વગરઇચ્છાએજ બહાર પડેછે, કેટલીક વખત પેસાબની સાથે બહાર નીકળી જાયછે અને કેટલીક વખત ઝાડાની સાથે પણ નીકળી પડેછે. એ કુટેવની શરૂઆતમાં તો વીર્ય બહાર આવવા વખતે જોસ પણ પુરતો હોયછે અને આનંદ પણ ઘણો આવેછે પણ જ્યારે તે કુટેવ જુની પડેછે ત્યારે તે અવયવોમાં અશકતતા માલુમ પડેછે અને તેથી જરા પણ શકિત કે આનંદ વગર વીર્ય બહાર નીકળી પડેછે અને ધીમે ધીમે તે અવયવ પાતળો સંકોચાઇ ગયેલ અને કદમાં પણ ટુંકો પડી જાયછે અને તેથી કુદરતી આનંદ આપવાને તદન અશકત થાયછે. એ કુટેવ મનુષ્યને મારી નખવાનું પોતાપર બહાનું લેતી નથી પણ તે જીવનતત્વને ઓછાં કરી શરીરમાં અનેક દરદોના પ્રવેશને માટે રસ્તો ઉઘાડી આપેછે. અને એ પ્રમાણે તે બીજાં દરદોના નામથી મોતનું કામ બજાવી આપેછે. જેમ એ કુટેવ પુરૂષને પાયમાલ કરેછે, તેમ સ્ત્રીઓને પણ પાયમાલ કરેછે. ઘણી રૂપાળી મોહક અબલાઓ એ કુટેવથી પોતાના રંગરૂપને ખુએછે. વળી એ કુટેવથી સ્ત્રીઓના ગુહ્ય અવયવમાંથી સફેદ પદાર્થ નીકલ્યા કરેછે. અનિયમિત, અત્યંત દુઃખદાયક રતુશ્રાવ તથા પેચુટીનું ખસી જવું પણ થાયછે. આમ થવામાં બીજાં પણ કેટલાએક કારણો હૈયછે, પણ સઉથી મોટામાં મોટું કારણ તો હાથથી ગુહ્ય અવયવને જાગૃત કરવો એજ છે. એ કુટેવ ભવિષ્યમાં થનાર બાલકને વારસામાં મળેછે અને તેથી એએ પ્રમાણે તે કુટેવ પેઢી દર પેઢી ઉતરતીજ રહેછે.

વ્હાલા શાસ્ત્રી, તમારી પ્રખ્યાત શહેનશાહી ચાકુતીની ડબી ત્રણ વી.પી. થી રવાના કરશો.

હાજી હબીબ હાજી પીરમાહમદ,

મદરાસ.

આ કુટેવથી થયેલાં દર્દો બીજાં બધાં દર્દોકરતાં વધુ ભયંકર છે, એમ કહેવાનું કારણ એટલુંજ છે કે, તે દર્દો દર્દીનાં નશીબ ઉપર પણ અસર કરેછે, જ્યારે બીજાં દર્દો તેની પેઠે નસીબ ઉપર અસર કરતાં નથી.

જે જે માણસો આ કુટેવમાં સપડાયાછે અને સપડાયછે, તેનું કારણ એજછે કે, તેઓ તેના પરિણામવિષે અજાણ્યા હોયછે. એટલા માટે દરેક જુવાન માણસને આ નિબંધથી એ કુટેવના પરિણામવિષે વાકેફ કરી તેના સામા થવાની અને તે ટેવ અટકાવવાની એકદમ ચેતવણી આપીએ છીએ. આમા આપેલી સઘળી ચેતવણી અને ખુલ્લી શીખામણ વાંચી તે કુટેવ માટે કંટાળો લાવી તેમાંથી મુક્ત થવાની સઘળી કોશીસો એકદમ કામે લગાડવી જોઇએ આ કુટેવ બંધ પાડવાને ગંભીર ચેતવણીની સાથે તેનાં ભયંકર પરિણામોવિષે છોકરાઓને પણ જાણીતા કરવા જોઇએ. કદાચ કોઇને એમ લાગશે કે, આવી નીચ ટેવવિષે જે બાળક તદન અજાણ્યું તેવાં બાળકને તે બાબતની ચેતવણી આપી તેનાં નિર્બળ અંતઃકરણને જાણીતુ કરવું એ ખરેખર ખેદકારક બીના છે. આવા વિચારથી કેટલાએક માબાપો, પોતાના છોકરાઓને એ બાબતમાં ચેતવણી આપવાના વિચારથી અટકે એ સ્વાભાવિક છે. કારણકે જે બાબત હયાતી ભોગવતી નથી તે બાબતવિષે ચેતવણી આપવી, એ, તે બાબત વિષે તેને એક જાતની યાદ આપવા બરોબર છે. પરંતુ આ બાબતવિષે તો લાંબા અનુભવથી એમ સિદ્ધ થયુ છે કે, છોકરાઓને તે

વઈદ શાસ્ત્રી, તમારી કીમતી શહેનશાહી ચાકુતીએ મને ઘણો ફાયદો કરેલ છે અને ધાતુપાતને એકદમ સ્ટાપ કરે છે.

આણુદા અમીચંદ,

બેલા.

બાબતવિષે ચેતવણી આપવી એ ઘણે દરજજે ફાયદાકારક છે. મનુષ્ય જાતની વધારો કરનારી તે ચોકકસ ઇંદ્રિના યોગ્ય ઉપયોગવિષે લાયક સુચના, તે ઇંદ્રિસંબંધી ભૂલથી થતી પાયમાલીથી દુર રાખે-છે. કુદરતી અમલ બજાવવામાંજ તે ઇંદ્રિનો ઉપયોગ થવો જોઇએ. એ બોધ પરણવાને લાયક થયેલ દરેક સ્ત્રીપુરૂષને ઘણો જરૂરનો છે. એ કુટેવમાં સપડાયલા કમનસીબોને જલદી જણાવી દેવું જોઇએ કે અસાધારણ વીર્યનું નકામુ જવું તે, શરીરના બાંધાને તોડી જીંદગીને ટુંકી કરેછે. જેને આ કુટેવ લાગુ પડી હોય તેને તે જગ્યાપર ડાહમ દેવો અથવા તો 'લીકર એપીસપેસ્ટીકસ' નામનું પ્રવાહી લગાડવું, જેથી ત્યાં છાગળો ઉઠી, એ નાશકારક ટેવ આગળ વધતી અટકે. આ સિવાય એ કુટેવ અટકાવવાના જે જે ઉપાયો જણાય તે તે તુરત કામે લગાડવા જોઇએ.

આગળ જણાવવામાં આવ્યું છે કે કુદરતી અમલ બજાવવામાંજ તે ઇંદ્રિનો ઉપયોગ થવો જોઇએ, એ વાત પરણવાને લાયક થયેલ દરેક સ્ત્રીપુરૂષને કાને આવવી જોઇએ પણ પરણવા માટેની ચોકકસ ઉમ્મર કઇ છે તે ખાત્રીથી કહી શકાતું નથી; કારણકે જુદા જુદા દેશનાં હવાપાણી અને મનુષ્યની તબીયત ઉપર તેનો આધાર રહેલો છે. આપણા હિંદમાં હવાપાણી અને રહેવાસીઓવિષે વિચાર કરતાં સ્ત્રીઓને માટે બારથી સોળ વર્ષના પુરૂષને માટે સત્તરથી પચ્ચીસ, વર્ષની ઉમ્મર લગ્ન માટે નકકી કરી ઠરાવી શકાયછે. ધર્મશાસ્ત્રોનો અને વૈદકશાસ્ત્રોનો મત તપાસતાં પણ લગભગ તેજ ઉમ્મર સ્ત્રી-

ઓ તથા પુરૂષોને માટે પરણવાને લાયક ગણાયેલી છે. સોળ વર્ષથી નાની ઉમ્મરની સ્ત્રીમાં પચ્ચીશ વર્ષે નહિ પહોંચેલા પુરૂષથી રહેલો ગર્ભ અધવચમાંજ પડી જાયછે. અથવા તો તેથી જે બાળક અવતરેછે તે લાંબો વખત જીવી શકતું નથી અને કદાચ જીવેછે તો તેની સઘળી ઇંદ્રિઓ અત્યંત દુબળી રહેછે; માટે બાળસ્ત્રીમાં બાળપુરૂષથી કદી પણ સંસારવ્યવહાર થવો જોઇએ નહિ.

વળી આપણે હાલનાં જમાનાનાં ખુલ્લું જોઈએ છીએ કે બાળલગ્નથી વિદ્યા અને કળાઓનો જેવો જોઇએ તેવો અભ્યાસ થઇ શકતો નથી અને સંધાયેલાં જોડાંના સ્વભાવ પરસ્પર મળતા આવતા નથી. પરસ્પરની રાજીખુશીવગરનાં જોડાંઓનો વિવાહ તેઓની ઉપર ગોયા એક જાતની જુચરી નાખ્યાજેવો થાયછે, પુરૂષને સ્ત્રી ગમતી નથી અને સ્ત્રીને પુરૂષ ગમતો નથી. રાજીખુશીવગર માબાપનાં અથવા તો આસપાસનાં લાગતાંવળગતાંઓનાં દબાણથી થતાં લગ્નો કદી સુખી નિવડતાં નથી અને તેનાં પરિણામ કોઇ વેળા બહુ માઠાં આવેછે. તે જોડાંથી પેદા થતી પ્રજા ખરાબ ઉપ્તન થાયછે. જોકે છેક નાની ઉમ્મરમાં છોકરાં થઈ શકતાં નથી, પણ એવા ઘણા દાખલા મોજુદ છે કે અગિયાર વર્ષની બાળકીઓએ બાળકને જન્મ આપેલા છે. નાની બાળકાનું ગર્ભસ્થાન નાનુંજ હોયછે અને તેથી તે કદાવર બાળકને જન્મ આપી શકે, એ સંભવથી તદ્દન ઉલટુંછે, જે વિષે વધારે સ્પષ્ટ વિવેચન આગળ કરવામાં આવશે હાલ તો બાળલગ્નથી થતા ગેરફાયદામાં જણાવવાનું કે

વ્હાલા સાહેબ, આપની શાહેનશાહી ચાકુતીનો વારમ્વાર ઉપયોગ કરૂં છું અને તેનાથી મને સારો ફાયદો થયો છે માટે તમારી ચાકુતીને હું ધન્યવાદ આપું છું.

હાજી તારમહમદ અયુબ,
અકીયાબ.

બાલક–માબાપેનાં બાલક–છોકરાં હીનસત્વ અને અલ્પાયુ થતાં જાયછે એટલુંજ નહિ, પણ કુદરતી કાયદાથી વિરૂદ્ધ બચપણમાં ગરભ રહેવાથી ઘણી સ્ત્રીઓનાં બાંધા નબલા પડી જાયછે, તંદુરસ્તીનો નાશ થાયછે અને જીંદગી ટુંકી થઇ જાયછે અને તેથીજ ધર્મશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રનાં કરત્તાઓએ જગતનું ભલું કરવાના હેતુથી, પુરૂષોને વાસ્તે પચ્ચીશ વરષની વયને અને સ્ત્રીઓને માટે દુર બેસવાના સમયને વિવાહનો વખત ઠરાવેલો છે આ વખત, સ્ત્રીઓને તેમજ પુરૂષોને માટે, પ્રજા ઉત્પન્ન કરનાર શકિતની શરૂઆત છે; જે શક્તિ, સ્ત્રીઓમાં પચ્ચાશ વરષ સુધી અને પુરૂષોમાં તેથી પણ વધારે વખતસુધી ટકી રહેછે. પણ આ ઉપરથી એમ સમજવાનું નથી કે તે શરૂઆત તે, ઈંદ્રિયના ઉપયોગની શરૂઆત છે; પણ એમ સમજવાનું છે કે, તે તેનાં ઉપયોગની લાયકાતની શરૂઆત છે. જુવાનીની શરૂઆતમાત્રજ કાંઇ લગનને માટે પુરતી નથી. જોકે સ્ત્રી જાત પોતાની જુવાનીની શરૂઆતમાં પણ ગરભ ધારણ કરી શકેછે, પણ જો આપણે તંદુરસ્ત અને મજબુત બાંધાના બાલકની આશા રાખતા હોઇએ તો ગરભધારણને માટે જુવાનીની શરૂઆત પછી પણ થોડાં વરષના ગાળાની જરૂર છે અયોગ્ય વખતે અને કંઇપણ દાબવિના કામની ઇચ્છાને આધીન થવાથી ઇંદ્રિ જલદીથી બીનતાકાત થઇ જાયછે એટલુંજ નહિ પણ શરીરના જુદા જુદા અવયવો પણ અશકત થઇ જાયછે. જો તરતની જુવાનીમાં વીર્યને બહાર

મહેરબાન સાહેબ, આપના ધ્યાન ઉપર મુકવા માગું છું કે તમારી શાહેનશાહી ચાકુતી ધાતુપાતને એકદમ બંધ કરે છે તે માટે ડબી નાં. બે જલ્દી મોકલાવશો.

હાજી અબુબકર હાજી નુરમામદ,
પુના.

માર્ગ ન આપવામાં આવે, તો તે વીર્ય શરીરમાં ઉતરી પુરૂષનાં બાંધાને મજબુત કરેછે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે સ્ત્રી પુરૂષોની જુવાનીની શરૂઆતમાંજ કામસંબંધી વ્યહાર તેઓનાં બાંધાને મજબુત થવામાં અટકાવ નાખેછે.

કુદરતના કાયદાવિરૂદ્ધ કામસંબંધી વ્યવહારથીજ દુઃખ ઉત્પન્ન થાય છે, પણ લગ્ન થયાપછી પતિપત્ની વચ્ચે કામસંબંધી ગમે તેટલો અતિયોગ કરવામાં આવે તોપણ તેથી કાંઇ નુકશાન થતુ નથી, એમ માનવું એ ઘણું ભુલ ભરેલું છે. કારણ કે આવા અતિયોગને માટે પણ કુદરતનો કાયદો ના પાડેછે. કુદરતનાં કાયદાના ગેરઉપયોગમાં કદીપણ માફી મળતીજ નથી. તેને ગુન્હાનાં પ્રમાણમાં વ્હેલી યા મ્હોડી શિક્ષા તો જરૂર ભોગવવીજ પડેછે. કામ સંબંધી વ્યહારના અતિયોગનું પરિણામ પરણેલી તેમજ વગર પરણેલી સ્થિતિમાં પણ સરખુંજ છે, ઘણા પુરૂષો તેમજ સ્ત્રીઓ લગ્ન થતાં સુધી સ્વચ્છ અને નિતીમાન રહી વીર્યને ખોટે મારગે બહાર જવા દેતાં નથી, પણ પરણે છે કે તરતજ કામ સબંધી વ્યવહારના અતિયોગમાં પડી જાય છે. વખતો વખત સ્ત્રીઓ સબંધી કામના વિચાર પણ માણસના મનને ખાલી કરી નાખે છે અને તેથી પણ નબળાઇ પ્રાપ્ત થાય છે, ત્યારે સાક્ષાત અતિયોગથી માણસ દુઃખી દુઃખી થઈ જાય તેમાં તો શુ નવાઇ! આ પ્રમાણે કુદરતી કાયદાનો ભંગ મરણ વહેલુ લાવવાનો એક ઉપાય છે. અતિ-

---

વઈદ સાસ્ત્રી, તમારી પ્રખ્યાત શક્તિનશાક્તી ચાકુતીની ડબી નાં. ચાર ટપાલ રસ્તે મોકલાવવા મહેરબાની કરશો.

દેશાઇ રણછોડદાસ દાદાભાઇ,

બાલોદ.

યોગથી નબળાઇ પ્રાપ્ત થયા પછીઉત્પન કરેલાં બાલકો નાની વયમાં ગુજરી જાય એમાં પણ કાંઈ નવાઇ નથી કારણકે જે જીવનતત્વ તેને મલવું જોઇએ તે તત્વ તેનાં માબાપોએ કામસબંધી અતિયોગમાં પહેલેથીજ વાપરી નાખેલું હોય છે. થોડી મીનીટના સુખને માટે પોતાનાં તેમજ ભવિષ્યનાં બાલબચ્ચાંના આખા ભવના સુખમાં ખલેલ પહોંચાડવી એ કેટલી અફસોસની વાત છે! પુરૂષના વીર્યને સોયની અણીપર ચડે એટલો પણ ભાગ જો સુક્ષ્મદર્શક યંત્રથી તપાસવામાં આવે તો તેમાં જીવનનાં તત્વો ઘણાં માલુમ પડેછે અને તેથી તેવાં જીવનતત્વો જો ઘણાં જાય તો પૂરૂષ શક્તિહીન થાય તેમાં કાંઈ નવાઈ નથી વીર્યનો અમુક ભાગ તેથી ચાળીશગણા લોહીની બરાબર થાય છે, ત્યારે વિચાર કરો કે કુમારગે, કવખતે અને કુટેવથી જતુ વીર્ય તેથી ચાલીશગણા શરીરમાંથી જતા લોહીની બરાબર છે, ઘણું લોહી જવાથી મનુષ્યને ક્ષય, અજીરણ, મનની અનવસ્થિતિ, દમ, યાદશક્તિનું ગુમ થવું અને ટુંકામાં શરીરના દરેક અવયવમાં ખામી ઉત્પન થાય છે અને તેથી સાબીત થાયછે કે તે પ્રમાણે વીર્યના જવાથી પણ તેજ રદદો ઉત્પન થાય છે. આ અતિયોગના ભોગ થઇ પડેલા દરદીને આખરે જ્યારે ડાકટરની સલાહ લેવાની જરૂર પડેછે ત્યારે તેના ડાકટરને કે વઇદ

મહેરબાન, મારા એક મીતરે તમારી પ્રખ્યાત શાહેનશાહી ચાકુતી વપરવાની મને સલાહ આપી છે તેથી મેં ત્રણ ડબીઓ વાપરી છે અને મને ઘણોજ ફાયદો થયો છે.

હાજી મહમદ સાદીક નીમાજી,

મુંબઈ.

ને તેણે કામસબંધી વ્યવહારમાં અતિયોગ કરયોછે એવો શક ક્વચિતજ આવે છે તેથી તે તેને અતિયોગથી દુર રહેવાની ભલામણ કીધાવગરજ દવા ચાલુ કરે છે આ પ્રમાણે ખરી હકીકત જાણ્યા સિવાય કીધેલા ઉપયોગથી દરદીને આરામ થતો નથી.

વળી કામસબંધી વ્યવહારના અતિયોગને લીધે તુરતજ નબલાઇ થવાની અસર મજબુત માણસપર થતી નથી અને તેથી તે અતિયોગ તેને નુકશાન કારક નથી, એમ તો સમજવુ જોઇએ નહી. તેવા માણસ ને તુરત નહિ તો થોડી મુદત પછી એ અતિયોગનુ પરિણામ જરૂર માલુમ પડેછે અને તેના શરીરનો બાંધો ધીમે ધીમે નબળો થતો જાયછે મરજીસિવાય બેધડક વીર્ય બહાર આવેછે અને છેવટે આગલ વરણવેલી ભયંકર સ્થિતિમાં તે આવી પડે છે.

કામસબંધી વ્યવહારનો અતિયોગ સ્ત્રી કરતાં પુરૂષને વધારે નુકશાનકારક છે ઇચ્છા ન હોય અથવા કંટાળો હોય ત્યારેજ તે વ્યવહાર સ્ત્રીને ભયંકર નુકશાન કરનાર નીવડે છે આમ કહેવાની મતલબ એવી નથી કે અતિયોગ સ્ત્રીને લાગુ નથી પડતો પણ સ્ત્રી કરતાં પુરૂષને તેથી વધારે સાવચેતી રાખવાની જરૂર છે. એમ સમજવાનુ છે. વળી સ્ત્રી તથા પુરૂષ એ બન્નેને અતિયોગનુ પરિણામ કુંવારી તેમજ પરણેલી સ્થિતિમાં પણ સરખુજ છે, માટે પરણ્યા પછી ભોગ વિલાસમાં અ-

---

.તંશય જોડાવું એ ખરેખર ચેતનશક્તિને સુકાવી નાખવાનો આકરો ઉપાય છે. ઘણી વખત અતિ સ્ત્રીસંગની ટેવ ખાવાપીવાની, કામકરવા-ની અને ઉંઘવાની ટેવજેવી થઈ જાય છે માણસ જેમ જેમ વધારે તે વધારે સ્ત્રીસંગ કરેછે તેમ તેમ તેને તે ઇચ્છા વધારેને વધારે વધતી જાયછે અને તેથી તેનું પરિણામ છેવટ બહુ ભય ભરેલું થઇ પડે છે.

ઘણા જુવાન માણસોની સાધારણ ફરિયાદ આપણે વખતો-વખત સાંભલીએ છીએ કે તેઓને સ્વપ્નમાં, પેસાબમાં અથવા એમને એમ સહેજ આંચકાએ પણ વીર્ય નીકલી જાય છે. આ પ્રમાણે ઇચ્છા-સિવાય વીર્યનું નીકલવું ધાતુક્ષય રોગથી ઓલખાયછે. આનુ પહેલુ કારણ હાથરસ, બીજુ અતિ સ્ત્રીસંગ અને ત્રીજુ કારણ સખ્ત અભ્યાસછે. આ મુખ્ય કારણોસિવાય નાનાં મોટાં બાજા ઘણાં કારણો છે. અસાધારણ વીર્યના જવાથી માણસ નામરદ યા નપુંસક બની જાયછે અને કદાચ જો તે તદ્દન નપુંસક થતો નથી તોપણ કામવિલાસ વખતે તેને ઘણા થોડાજ સુખની સાથે વીર્યનું નીકલી જવું થાય છે, અથવા તો તે ક્રીયા કરવામાં તેને કંટાળો આવેછે, અથવા તો સ્ત્રીની પાસે જતાં તેને શરમ આવેછે, અસાધારણ વીર્યનુ જવું લાંબી મુદતસુધી ચાલુ રહે તો તેનું વીર્ય, ગરભ ઉત્પન કરવાના ખાસ ગુણમાંથી નીકલી જાયછે, વલી અસાધારણ વીર્યના જવાથી ખાધરાપણું, ખાધાપછી ઉલટી, ચામડીનો ફીકકો, ધોળો, બીહામણો દેખાવ, શરીરનું નબળુ પડીજવું, થોડી પણ મહેનતથી વધારે થાક લાગવો, બોલવામાં અચકાતું કલ્પના,

---

વ્હાલા શાસ્ત્રી, તમારી પ્રખ્યાત શહેનશાહી ચાકુતીની ડબી ત્રણ વી.પી. થી રવાના કરશો.

હાજી ઈસા હાજી અબા સકુર,

કોકાનાડા.

શકિત તથા યાદદાસ્તનું કમી થવું, હાથનુ ધરૂજવુ વગેરે અનેક દર્દો ઉત્પન થાયછે; જેમ જેમ તે દરદ વધારે જડ ઘાલતું જાયછે તેમ તેમ ઉપર બનાવેલાં દરદોમાં ધીમે ધીમે વધારો થતો જાયછે. જો મનુષ્યનાં કામો અનિયમિતપણાને બદલે નિયમિતપણામાં થાય તો કેવુ સારૂં? કારણકે નિયમિતપણું એ જીંદગીને માટે અતિશય સહીસલામત કાયદો છે. કામવિલાસમાં અનિયમિતપણું તેના ભાગ લેનારનેજ નહિ પણ તેથી ઉત્પન થનાં બાલકને પણ મનની તથા તનની શકિતમાં ગંભીર ઈજા કરેછે. પોતાની બેદરકાર ચાલથી બીજાને નુકશાન કરવાનો હક કોઇને નથી; તેથી એમ સાબીત થાયછે કે રોગીષ્ટ અને નબલા બાંધાનાં બાલકો ઉત્પન કરનારા માણસો ઇશ્વરના અપરાધી છે; કારણકે દરેક બાલકને પોતાને તંદુરસ્ત બાંધો અને તંદુરસ્ત ઇંદ્રિયો મલવાનો હક છે. એવાં બાલકો કેમ ઉત્પન થાય એ માબાપ થવા લાયક દરેક સ્ત્રી પુરૂષનાં જાણવામાં આવે તો કેવું સારૂં?

અફસોસ છે કે આ વધારે અગત્યની બાબતપર લોકોનો મોટો ભાગ બેદરકાર છે. જનાવરોને ઉછેરવાને વાસ્તે જોઇતા નિયમોઉપર ધ્યાન આપવું અને તેનો અભ્યાસ કરવો, પણ મજબુત અને તંદુરસ્ત બંધાવાલાં બાળકો ઉત્પન કરવા માં અને ઉછેરવામાં, કાંઇ ધ્યાન ન આપવુ એ કેવી મુર્ખાઈ? "ઝાડ તેવું ફલ" એ કહેવત પ્રમાણે બાલક તેના માબાપનો એક નમુનો છે. માતાપિતાના ગુણદોષો બચ્ચાંના વારસામાં મળેછે. જે ગુણો માબાપમાં

હોતા નથી તે ગુણો તેનાં છોકરામાં પણ હોતા નથી; તેવી રીતે દરેક માબાપમાં માતાપિતાના ભેગા ગુણોનો સમાવેશ થાયછે. સારા અથવા ખરાબ બાંધાનું થવું તથા તંદુરસ્ત અને નાજુક મનના થવું વગેરે ગુણ અને ખાસીયતો બાલકમાં ઓધે ઉતરવાં, એનો સઘળો આધાર મતાપિતા ઉપર રહેલોછે. ગર્ભ રહેતી વખતે માતાપિતાના મનમાં જેવા વિચારો તન મનની નીતિ અને બીજી અનેક લાગણીવિષે દોડતા હોય, તેવા વિચારો અને તેવી નીતિવાળું બાલક તે ગર્ભથી ઉત્પન થાયછે. તેટલા માટેજ કહેલું છે કે, દુર બેઠેલી સ્ત્રીએ દુર બેસવાના દિવસોમાં પોતાના પતિથી દુર રહેવું, દિવસે ઉંઘવું નહિ, આંખ આંજવી નહિ, રડવું નહિ, ન્હાવું નહિ, નખ ઉતારવા નહિ, દોડવું નહિ, હસવું નહિ, ઘણું બોલવું નહિ, ઘણું સાંભળવું નહિ, જમીન ખોતરવી નહિ, બહુ પવન ખાવો નહિ અને મહેનત પણ કરવી નહિ. આ સઘલા નિયમો જે, આર્યધર્મશાસ્ત્રમાં લખવામાં આવેલા છે, તેને અનુસરીને વૈદકશાસ્ત્રમાં તેનાં કારણો બતાવેલાં છે; માટે દુર બેસવાના દિવસોમાં દિવસે ઉંઘવાથી તે સ્ત્રીને જે ગર્ભ રહેછે તે બહુ નિદ્રા વાળો, આંજણ આંજવાથી આંધળો, રડવાથી આંખની ખામી વાળો, ન્હાવાથી દુઃખદમીયલ સ્વભાવવાળો, નખ કાપવાથી ખરાબ નખવાળો અને બહુ બોલવથી બકબકીયો થાયછે; તેમજ અત્યંત હસવાથી અવતરેલ બાલકનાં દાંત, હોઠ, તાલવું તથા જીભ કાળાં થાયછે. બહુ સાંભલવાથી બહેરૂં, જમીન ખોતરવાથી ટાલવાળું, બહુ પવ-

---

ન ખાવાથી ઘેલું અને ઘણી મહેનત કરવાથી બાલક કદરૂપું અવતરે છે; એટલાજ માટે સ્ત્રીએ દુર બેસવાના વખતમાં ઉપર જણાવેલા સર્વ ચાળા અને કામોથી દુર રહેવું.

દુર બેસવાના દિવસોમાં સ્ત્રીએ પતિના સંયોગથી દુર રહેવું જોઇએ, કારણ કે જેમ નદીના પ્રવાહમાં નાખેલી વસ્તુ ઉંચે જઇ શકિત નથી તેમ દુર બેસવાના દિવસોમાં લોહી વહેતું છતાં નાખેલુ વીર્ય ટકી શકતું નથી. કદાચ ટકે તો પહેલે દિવસે પ્રસવવખતેજ મરણ પામેછે. દુર બેસવાને બીજે દિવસે સ્ત્રી સંગ કરવાથી ઉત્પન્ન થનાર બાળક સુવાવડમંજ મરણ પામે છે અને ત્રીજે દિવસે સંગ કરવાથી ઉત્પન્ન થનારૂ બાળક અપુર્ણ અંગવાળું અને ઓછા આયુષ્ય વાળુ થાય છે; પણ દુર બેસવાના દિવસ પુરા થયાપછી સંગ કરવાથી ઉત્પન થનાર બાળક મોટી આવરદાવાળું અને તંદુરસ્ત જન્મે છે.

જ્યારે બાળક ગર્ભમાં હોયછે ત્યારે જે કારણો તેની માતાપર અસર કરેછે, તે કારણો તે બાળકપર પણ અસર કરે છે. જો માતાને તનનું દુઃખ હોયછે તો બાળકને પણ તનનું દુઃખ થાયછે; એટલા માટે ગર્ભ વાળી સ્ત્રીએ ગર્ભ રહે તે દિવસથી શાન્ત મન રાખવું, ચોખ્ખાઈથી રહેવું, સફેદ કપડાં પહેરવાં, ગોઝાં અને એબીયલ માણસને અડવું નહિ, ખરાબ વાસ, બ્હીક ઉપજે એવી ચીજો અને તેવી વાતોપર ધ્યાન આપવુ નહિ. સુકાયેલું, ટાઢું, સળી ગયેલું અને બફાઇ ગયેલું અન્ન ખાવુંનહિ, ખુશી ખુશાલીના પ્રસંગ

સિવાય ઘરની બહાર જવું નહિ અને ભુતના રહેઠાણ વાળી કહેવાતી જગ્યાએ અને કોઇ મરી જાય તેને પાથરણે બેસવાવગેરે જગ્યાએ પણ જવું નહિ. મોટે સાદે બોલવું નહિ અને એવી બીજી પણ ગર્ભને અડચણ કરનારી જે જે બાબતો જણાય તે છોડી દેવી શરીરને બહુ મહેનત પણ આપવી નહિ, સુવાનો ખાટલો યા પલંગ ઉંચો ન જોઇએ; પણ તે બહુ મોટો હોવો જોઇએ અને સ્વચ્છ પાથરેલો જોઇએ. વળી સુતી વખતે હલકાં કપડાંજ શરિરપર પહેરવાં જોઇએ. જમતી વખતે બહુ મેવા મસાલાના રીચ ખોરાકને બદલે સાદો પૌષ્ટિક અને રૂચિવાળો ખોરાક લેવો. આ સઘળી વર્ણવેલી બાબતોપર છુટક થવાના વખત સુધી ધ્યાન આપવાનું છે. સ્ત્રીની ઇચ્છા પરિપૂર્ણ થવામાં ખામી આવે, તો તે ખામી બાળકના અવયવોમાં ઉતરેછે. તેમ શોક, દિલગીરી, ગુસ્સો અસંતોષ વગેરે દિલનાં દુઃખો જો ગર્ભવાળી સ્ત્રીને હોય, તો તેની અસર પણ તેના બાળકમાં ઉતરેછે. ઘોડાપર, પહાડપર, હાથીપર યા એવી ઉંચી જગ્યાપર ચહડવું, કસરત કરવી, ઉતાવળે ચાલવું, પાણીમાં ચાલવું, કજીઓ કરવો, આળસ ખાવી અને તીખાં ઉનાં, ખારાં તથા ભારે પકવાનો ખાવાં, દિવસના સુવું અને રાતના જાગવું, તેમજ ઉભે પગે બેસવું વગેરે બાબતોનો પણ ગર્ભવાળી સ્ત્રીએ ત્યાગ કરવો.

ગર્ભ રહ્યાપછી સ્ત્રીને જુદી જુદી ચીજ ખાવાની ઇચ્છા થાયછે ત્યારે, જો તેણીની મરજીમાફકના પદાર્થો આપવામાં આવે તો શુરવીર અને લાંબી આવરદાવાળા બાળકને તેણી જન્મ આપેછે;

પણ એટલી સંભાળ રાખવાની જરૂર છે કે ગરભને ઇજા કરે એવી વસ્તુ નહિ આપવી જોઇએ બાળકોના મનની ખાસીયતોને માબાપની કુટેવની અસર થાયછે. જો ગરભ રહેવાના વખત પહેલાં સ્ત્રી-પુરૂષવચ્ચે કંકાસ થાય તો બાળક કજીઆખોર થાયછે. અતિ દારૂ પીનારાં છોકરાં માબાપો, થોડી અકકલવાળાં અને ખોડવાળાં બાળકોને ઉત્પન કરેછે. વખતે એમ પણ બને છે કે પહેલું જન્મેલું બાળક મંદબુદ્ધિનું અને તંદુરસ્તીવગરનું હોયછે જ્યારે પછીનાં બાળકો હુશીઆર અને તંદુરસ્ત થાયછે અથવા તો પહેલું બાળક હુશીઆર અને તંદુરસ્ત હોયછે તો પછીનાં બાળકો અશકત અને કમસમજનાં હોયછે. આમ થવાનાં કારણો પણ ઉપરનો નિયમ વાંચવાથી તુરત ધ્યાનમાં આવેછે.

ઉપરની સઘળી હકીકતઉપરથી હવે એમખુલ્લું સમજાયું હશે કે-જ્યારે જોડું દુ:ખીહાલતમાં હોય ત્યરે તેઓએ છોકરાંની ઉત્પત્તિ નહિ કરવી જોઇએ; કારણ કે તેવી સ્થિતિમાં રહેલા ગરભથી ઉત્પન થયેલું બાળક તેઓને બોજાજેવું અને દુ:ખ ઉત્પન કરનારૂં થઇ પડેછે. માતની દરેક ભુલ ગરભ રહેવાનાં વખતથી તે બાળકના જન્મ સુધી બાળકને હાનિકારક થઇ પડેછે. ગરભ રહેતી વખતે બન્ને જણાં પોતપોતાનાં ગુણ બાલકને આપેછે પણ ગરભધારણના વખતથી તે તેના જન્મસુધીમાં તો માતાનાજ ગુણોની અસર બાલકપર લાગુ રહેછે. મહિનાવાલી સ્ત્રી જો ભારે ખોરાક ખાય તો બાલકને કંઠમાલનું દરદ થાયછે. જો તેને લાંબા વખતસુધી બેસવાની ટેવ હોય તો બાલક નબલા બાંધાનું, થાયછે. કાંઇપણ નાલાયક ઔષધ લેવામાં

વ્હાલા સાહેબ તમારી શહેનશાહી ચાકુતી મને મોટી મદદગાર નીવડી છે હું ચાહું છું કે તેનો ઘણોજ ફેલાવો થાય.

સોની પરસોતમ દેવજી,

ગાંગોદ.

આવેનો બાલક ખરાબ સ્વભાવવાળું થાયછે. કોઇપણ પારાની મેલવણીવાળું ઔષધ આપવામાં આવે તો બાલકને ગાંઠ તથા ખઢીના રોગની અસર પહેલેથીજ થાયછે તેને 'કિવનાઈન્' આપવામાં આવે તો બાલકની બહારની ઇંદ્રિયોમાં એટલે મુખ્યત્વેકરીને સાંભલવામાં અને જોવામાં ખામી પેદા થાયછે. જો તેને કોઇપણ કારણથી અફીણવાલી દવા આપવામાં આવે તો બાલકનું કલેજું અશકત અને આંતરડાં કબજ થાયછે, મહીનાવાલી સ્ત્રી જો બહુ મહેનત કરે અથવા તો જો તેને હંમેશ થાકેલી સ્થિતિમાં રાખવામાં આવે, તો તેનું બાલક ખામી ભરેલું, ચહેરામાં, શરીરમાં અને બોલવામાં સમતોલવગરનું, તેમજ બેડોળ થાયછે, ગરભમાં રહેલા બાલકનો જોકે કુદરતે ઘણો સારો બચાવ કરી રાખેલો છે, તો પણ ગરભ રહ્યાપછી સ્ત્રીપુરૂષવચ્ચેનો સંબંધ બંધ રાખવો જોઈએ. આ પ્રમાણે જંગલી લોકોમાં અને પશુવગેરેમાં પણ રિવાજ ચાલેછે; છતાં અફસોસ છે કે સુધરેલા લોકોમાં તે સંબંધી ભયંકર ભુલો થાયછે. ગરભ રહ્યાપછી જો તે સંબંધ જારી રાખવામાં આવે તો ઉત્પન્ન થનાર બાલકોના અવયવોની રચનામાં ખામી ઉત્પન્ન થાયછે. આવા વખતમાં કામનુ વલણ અટકવવાને સ્ત્રીપુરૂષનું સુવાનું બીછાનું જુદું રાખવું જરૂરનું છે. ગરભવાલી સ્થિતિમાં વખતો વખત સંબંધ થવાથી બાલક કમજોર અને બદશિકલ થાયછે. એટલુંજ નહિ પણ, તેથી ઘણી વખત ગરભ અધુરે પડેછે તેમજ સ્ત્રીની છુપી ઇંદ્રિનાં ઘણાક દર્દો, સ્ત્રીનું જલદીથી ઘસાઇ જવું અને બાલ-

કોનો નાની વયમાં નાશ, એ સઘળું મહિનાવાળી સ્થિતિના વખતમાં સ્ત્રીપુરૂષવચ્ચેના સંબંધનુંજ પરિણામ છે; એટલુંજ નહિ પણ ઉત્પન થનારાં બાલકમાં, માબાપનો મનને વશ ન કરી શકનારો જુસ્સો પણ ઓછે ઉતરે છે.

ગરભ રહેવાપછી પોતાના પહેલાનાં નાના બાલકને ધવરાવવું, એ માતા, ધાવનાર બાલક અને ગરભમાં રહેલ બાલક, એ ત્રણેને નુકશાનકારક છે. આવી રીતે બાલકને ધવરાવાથી હમેશ અધુરે જાયછે અને કદાચ બાલક જન્મ પામેછે તો તે સડો લાગેલા ફુલની માફક ધીમે ધીમે દુર્બલ થઇ મરણ પામેછે.

માતાના દુધની માફક ધવાડવા રાખેલી આયાનું દુધ પણ બાલકપર અસર કરેછે, માતાં તથા ધવાડવા રાખેલી સ્ત્રી તંદુરસ્ત હોય તોજ બાલક તંદુરસ્ત બાંધો પકડેછે. ધવાડવા રાખેલી આયા માટે (આજકાલની ફેશનની ગીરીઆરીમાં ચડી રહેલી પ્રજાએ) ખાસ ધ્યાન આપવું જોઇએ. માતા (જો ખરેખરજ પોતાના શરીરની તાંદુરસ્ત તબીયતને લીધે) પોતાના બાલકને માટે ધવરાવનારી સ્ત્રી રાખે, તો તેણી પોતના જાતની, મધ્યમ કદની, જુવાન, કશાપણ રોગવગરની, નમ્ર સ્વભાવની, લોભરહિત, તદન હોશવગરની પણ નહિ, સ્વચ્છ દુધવાલી, લાંબાહોઠ વગરની, ગોલ થાનવાલી, શરીરના સઘલા સાબુત અવયવોવાલી, અફીણવગેરે કેફી વસ્તુને નહિ અડકનારી, હૈયાત બાલકવાળી, બાલકપર વહાલ રાખનારી, નીચ કામ નહિ કરનારી, સારા ખાનદાનની અને બીજા પણ એવા સારા ગુણોવાલી હોવી

જોઇએ. ધવરાવનારી જો ઉંચા થાનવાળી હોય તો તેને ધાવનાર બાલક ભયંકર થાયછે, લાંબા થાનવાળી ધવરાવનારીથી છોકરાંનું નાક અને મોઢું દબાયછે. અને વખતે તેમાંથી બાલકનું મરણ પણ નીપજેછે. ધવરાવતી વખતે ધવરાવનારીએ બાલકના માથાપર હાથ રાખવો જોઇએ. વળી ધવરાવ નારી પણ એકજ હોવી જોઇએ; કારણકે જુદાં જુદાં ધાવણ ધાવવાથી બાલકના શરીરમાં અનેક રોગો જન્મ પામેછે. બાલકને ધવરાવવાનું શરૂ કરતી વખતે હંમેશાં થોડું દુધ બહાર કઢી નાખવું જોઇએ. જો તેમ કર્યાવગર ધવરાવવામાં આવે તો દુધથી ભરેલાં થાનમાંથી દુધના જોસબંધ વહેવાથી બાલકને દમ અને તેને લગતા બીજા રોગપણ ઉત્પન્ન થયછે. ગુસ્સાથી અને દીલગીરીથી તેમજ બચ્ચાંતરફ અભાવથી સ્ત્રીનું દુધ બલી જાયછે; માટે બચ્ચાંપર પ્યાર રાખનારી અને દીલગીરી તથા ગુસ્સાવગરની સ્ત્રી ધવરાવવા માટે રાખવી. વળી ધવરાવનારીહસ્તક પોતાના બાલકને સોંપવા પહેલાં, તે ધવરાવનારીના દુધની તપાસ લેવાની બહુ જરૂરીયાત છે. દુધને પાણીમાં નાખવાથી જો તે તેની સાથે મલી જાય, ફીણ ન દેખાય, પાણીમાં દોરાના વરની પેઠે દુધ ફર્યા ન કરે, ઉપર તરી ન આવે, અને ફાટી ન જાય, પણ સ્વચ્છ અને સફેદ દેખાય, તો તે દુધને લાયક માનવું. ભુખી, શોકમાં ગરક થયેલી, થાકેલી, ધાતુના બગાડવાળી, હમેલવાળી, તાવથી પીડાતી, બહુ નબળી, બહુ જાડી અને અજીર્ણ વગેરે રોગવાળી ધવરાવનારીનુ ધાવણ, બાલકના શરીરમાં અનેક જાતના રોગો ઉત્પન કરે છે.

તનના કૌવતની જરૂરીઆતના પ્રમાણમાંજ મનના કૌવતની પણ જરૂર છે. સાધારણ બુદ્ધિનાં છોકરાં તો ઘણાં ઉત્પન્ન થઇ શકે પણ તેજ બુદ્ધિવાળાં છોકરાં પેદા કેમ થઇ શકે, એ જાણવું બહુ જરૂરનું છે. બાળકના જન્મ પછી તેને બુદ્ધિમાન્ કરવાના સઘળા પ્રયત્નો કામે લગાડવા કરતાં, બાળક જ્યારે ગર્ભમાં હોય ત્યારે તેને બુદ્ધિમાન્ કરવાને તેની માતાનું પ્રયત્ન વધારે સફળ ઉતરે છે. ગર્ભમાં રહેલાં બાળકની મનની કેળવણી ખીલવવાનો વખત ગર્ભના પાંચમા મહિના પછીનો છે. પહેલા પાંચ મહિના તો માતાએ પોતાના શરીરને તંદુરસ્તીવાળું રાખી, બને તેટલી કશરત આપવી, જેથી બાળકના શરીરના બાંધાની ખીલવણીનો પાયો રચાયછે. પણ પાંચમાં મહિના પછી બાળકનું મગજ ખીલેછે ત્યારે માતાએ પોતાની બુદ્ધિ વધે એવાં પુસ્તકોનો સારી પેઠે અભ્યાસ કરવો જોઇએ. ગર્ભમાં રહેલા બાળકના મનનું કૌવત વધારવાનો એજ ઉત્તમ રસ્તો છે. માતા જો પોતાના બાળકને એક છટાદાર બોલનાર કરવા માગતી હોય, તો તેણીએ ઘણાં ઉત્તમ ભાષણો સાંભળવાં જોઇએ અને બની શકે તો આપવાં પણ જોઇએ. પણ જો ઉત્તમ ચિત્રકાર કરવા માગતી હોય તો તેણીએ સારાં સારાં ચિત્રો જોવાં જોઇએ, તે વિષે મનમાં વિચાર કર્યા કરવો જોઇએ અને ચિત્રો દોરવાની કોશીશ કરવી જોઇએ. એજ પ્રમાણે બાળકને જે જે વિષયમાં ઉત્તમ બનાવવાની ઇચ્છા હોય, તે તે વિષયનો વિચાર અને ખ્યાલ તેની માતાએ કરવો જોઇએ; તેમજ તે તે વિષયમાં હુશિઆર અને પ્રવીણ થવાની અથવા તે શીખવા મંડવાની અને

જાણુવાની કોશીશ તેણીએ કરવી જોઇએ. એકજ માતાનાં બે છોકરાંમાં ઉપર પ્રમાણે કેળવણી મળેલું બાળક વધારે હુશિઆર થાયછે અને કેળવણી વગરનું બાળક ગાફલ રહેછે. આ ઉપરથી આપણે સિદ્ધ કરી શકીએ છીએ કે, ગર્ભવાળી સ્ત્રીના મનની લાગણી ગર્ભમાં રહેલા બાલકઉપર થાયછે ગર્ભવાળી સ્ત્રીને કદાચ કોઇ કદરૂપા પુરૂષસાથે વાતચિત કરવાનો પ્રસંગ આવે અને પછી તે પુરૂષના રંગ, રૂપ અને ચહેરાનો તેણીને વિચાર આવ્યા કરે તો તેણીનું બાલકપણ તેવુંજ કદરૂપુ થાયછે. જો બાળકને બહાદુર અને હિમ્મતવાન બનાવવાની ઇચ્છા હોય તો હમેલવાળી સ્ત્રીએ બહાદુર અને હિમ્મતવાન થવું જોઇએ ધાસ્તી અને ભયની અસર પણ ગર્ભમાં રહેલા બાળક ઉપર થાયછે. જો તેવા વખતમાં બાળક જન્મ પામે તો તે તરત મરી જાયછે અથવા થોડા મહિના સુધી જીવીને મરી જાયછે અને કદાચ લાંબો વખત જીવેછે તો તે મુર્ખજ રહેછે.

પિતા અને માતા બન્ને તંદુરસ્ત હોય તો બાળક પણ તંદુરસ્ત અવતરેછે અને જો બન્નેમાંથી એક પણ નમળુ હોય તો બાળક પણ નમળું અવતરે છે અશકત માબાપોનાં છોકરાં અશકત હોયછે વિષયી માબાપોનાં છોકરાં વિષયી નિવડે છે અને ટુંકામાં જે જે કુટેવો માબાપોમાં હોય છે તે તે કુટેવ તેનાં બચ્ચાંઓને પણ વારસામાં મળે છે. અફસોસ માત્ર એટલોજ કે, માબાપોની ભુલની શિક્ષા તેનાં છોકરાંને ભોગવવી પડેછે. આ ઠેકાણે મારે જણાવવું

મહેરબાન સાહેબ, આપના ધ્યાન ઉપર મુકવા માગું છું કે તમારી રાહેનશાહી ચાકુતી ધાતુપાતને એકદમ બંધ કરે છે તે માટે ડબી નાં. બે જલ્દી મેકલાવશો.

હાજી કરીમ મુલાજી સેથી,
પેસાવર

જોઇએ કે, જેમ મબાપોની અનીતિના પરમાણુંઓ તેમ નીતિના પરમાણુંઓ પણ છોકરાંને વારસામાં મળેછે. રોગિષ્ટ માબાપોનાં છોકરાં રોગિષ્ટ અવતરે છે. તેના ઘણા દાખલા આપણે જોયા છે અને જોઇએ છીએ. ટુંકી નજર, ખઈ, દમ, વાઇ વગેરે બીજાં દર્દો પણ માબાપ તરફથી છોકરાંને વારસામાં મળેછે.

માણસ જ્યારે ઘોડા, બળદ, કુતરાં કે એવાં બીજાં જાનવરો સારાં મજબુત થાય તેનેમાટે મજબુત અને તંદુરસ્ત જોડાં શોધેછે, ત્યારે પોતાનાં બાલકો મજબુત અને તંદુરસ્ત થવામાટે સ્ત્રી પ્રસંદ કરવાના સંબંધમાં પુરૂષ, અને પુરૂષ પસંદકરવામાં સ્ત્રી બેદરકાર રહે, એ કેટલી અફસોસની વાતછે? સ્ત્રી કે પુરૂષમાંથી કોઇપણ નબળા બાંધાનું હોય તો તેમનાં લગ્ન એકદમ અટકાવવાં જોઇએ; પણ જ્યાં સુધી બાલકોને વારસામાં દરદ કેવી રીતે મળેછે, તેનું જ્ઞાન લોકોમાં પુરેપુરૂં નહિ ફેલાય ત્યાં સુધી એમ થવું ઘણું અસંભવિત છે. "માબાપ તેવાં છોકરાં" એ કહેવત માબાપના તનના બાંધા અને મનના વિકાર ઉપર ધ્યાન આપીનેજ નિકળેલી હોય એમ જણાય છે. અતિ અફસોસ કરવાજેવું છે કે પઇસો, ઉંચી જાત અને એવીજ બીજી કેટલીએક બાબતો પર વિશેષ ધ્યાન આપી પરસ્પર જોડાં બંધાયછે, અને આવી રીતે કજોડાં બંધાઇ નબળી ઓલાદ ઉત્પન્ન થાયછે. એક પઈસાદાર જુવાનીઓ ગમે તેવો બેડોળ, રોગિષ્ટ અને બુબાપ હોય તોપણ તે રૂપાળો, તંદુરસ્ત અને હુશિઆર તરીકે પસંદ કરવામાં આવેછે. કેવી પઇસાની કરામત? સારી

મહેરબાન, મારા એક મીતરે તમારી પ્રખ્યાત શહેનશાહી ચાકુતી વપરવાની મને સલાહ આપી છે તેથી મેં ત્રણ ડબીઓ વાપરી છે અને મને ઘણોજ ફાયદો થયો છે.

ઠક્કર વીરજી દેવજી

માંઢીયા.

જેવી સબ્ભર રીત લાવનારી ખડીવાળી, ખુબ્બલ સ્ત્રોની સાથે લગ્નના પવિત્ર ગાંઠથી જોડાવામાં એક તંદુરસ્ત, લોભી અને દેખતી આંખે આંધળો પુરૂષ જરા પણ અચકાતો નથી. બુદ્ધિમાન માબાપનાં છોકરાં તેવાંજ નિવડે છે. ઘણું કરી મોટાં, પ્રખ્યાત માણુસોની માતા તેવાજ ગુણવાળી હોયછે; કારણ કે પિતા ગમે તેવી ઉત્તમ શક્તિ ધરાવતો હોય પણ જો માતા નબલા બાંધાની હોય તો તેણી કદી સારાં, મજબુત બાંધાનાં છોકરાંને જન્મ આપી શકશે નહિ પણ પોતાના દાદાવગેરેના પણ ખાસ ગુણો, ખામીઓ અને દરદો, થોડે અથવા ઘણે દરજ્જે વારસામાં લઇને છોકરૂં અવતરે છે. પુરૂષની તરફના ગુણ અને ખામીઓ પુરૂષને અને સ્ત્રીની તરફના ગુણ અને ખામીઓ સ્ત્રીને મળે છે. વળી દારૂ પીવાની, ખુન કરવાની અને આપઘાત કરવાની ટેવ તથા ઘેલછા પણ વારસામાં ઉતરેછે. દુનિયામાં જે જે ગુન્હેગાર માણુસો આપણાં જોવામાં આવેછે તે સઘલાં ગુન્હેગાર માબાપોનાંજ છોકરાં છે.

માબાપની તંદુરસ્તી અને ગુણદોષઉપરજ છોકરાંની તનમનની હાલતનો આધાર રહેછે. એમાંથી એક પણ નબળું હશે તો બાલક પણ નબળું નિવડશે સ્ત્રી અને પુરૂષમાં જેટલે દરજ્જે ખામી તેટલે દરજ્જે તે ખામીનું પરિણામ બાલકને ભોગવવું પડેછે. સ્ત્રીઅને પુરૂષ જો પોતાની નાની વયમાં માબાપ થાય તો તેથી અવતરેલાં બાલકમાં તેના તરફથી મળેલા ગુણો ઘણાજ અધુરી હાલતમાં જોવામાં આવશે. પુખ્ત ઉમ્મરે પહોંચેલાં માબાપોનાં છોકરાં ઘણાં

મજબુત બાંધાનાં અને રૂપાળાં નિવડશે. આ બાબત તો ખરીજ છે કે ફુટતી જુવાની વાળો પુરૂષ, પોતાનાં બાલકને પૂરેપુરી જીવનશક્તિ (vitality) આપી શકતો નથી; તેવીજ રીતે નાની ઉમ્મરની છોકરી નાનાં અને અશકત બાલકને જન્મ આપે તેમાં શી નવાઇ?

જેમ નાની ઉમ્મરનાં માબાપો તંદુરસ્ત બાલકો ઉત્પન્ન કરી શકતાં નથી તેમ બહુ મોટી ઉમ્મરે પહોચેલાં માબાપો પણ તંદુરસ્ત બાલકને ઉત્પન્ન કરી શકતાં નથી; અને તેથી એમ સિદ્ધ થાય છે કે નબલા બાંધાનાં બાલકો કાતો કાચી ઉમ્મરનાં માબાપોનાં અથવાતો ઘરડાં માબાપોનાં છોકરાં હોવાં જોઇએ; કારણ કે નાની ઉમ્મરનાં માબાપોનાં શરીર અને મન નાનાં હોયછે તથા ઘરડાં માબાપોનાં શરીર અને મન વપરાઇને ઘસાઇ પીસાઇ ગયેલાં જેવાં હોય છે. આથી બીજી વાત એ સાબીત થાયછે, કે સઘલી રીતે લાયક દેખાતાં બાલકો સારી રીતે પુખ્ત ઉમ્મરે પહોંચેલાં માબાપનાંજ છોકરાં છે; કારણ કે લાયક ઉમ્મરે માતાપિતાનાં તન અને મન બરાબર સંપુર્ણ હાલતમાં આવેલાં હોયછે. આપણે ઇતિહાસ પર નજર કરીશું અને અતિ પ્રખ્યાત માણસો તરફ જોઇશું, તો તેઓ છેક નાની વયનાં માબાપનાં કે બહુ મોટી ઉમ્મરે પુગેલાં માબાપનાં છોકરાં નહિજ હોય. સારી પેઠે પુખ્ત ઉમ્મરે પહોંચેલાં માબાપનાં છોકરાં અનુક્રમે એક બીજાની સાથે સરખાવતાં થોડે યા ઘણે દરજ્જે, વધુ યા ઓછી ખામી લઇ અવતરે છે અને તેથી એવું અનુમાન થાય છે કે સઉથી નાના છોકરાનેજ પિતાની મિલકત

નો મોટો ભાભ વારસામાં આપવાને જે રીવાજ છે તેનુ કારણુ પણ એજ હોવું જોઇએ; કારણુ કે મોટી ઉમ્મરે થયેલા નાના છોકરામાં માબાપ તરફનાં જેટલા મજબુત ગુણુ હોવા જોઇએ તેટલા હોતા નથી અને તેથી તે દુનિયામાં આગલ વધવાને અશક્ત રહેછે અને તેટલાજ માટે તેને વધારે હિસ્સો મલવાની જરૂર છે. આ ઉપરથી એક બીજો સાર આપણે કાઢી શકીએ છીએ, કે છેક નાની ઉમ્મર તેમજ છેક મ્હોટી ઉમ્મર બાલકની ઉત્પત્તિને માટે નાલાયક છે. તેથી તેવી ઉમ્મરે બાલકની ઉત્પત્તિ થતી અટકાવવીજ જોઇએ. નહિ પાકેલું તેમજ સડી ગયેલું વીર્ય કદી પણ સારો દેખાવ આપતું નથી.

દુનિયાંદારીનાં સઘલાં સુખોનો આધાર લગ્ન ઉપર છે. ખરી લગ્નની સ્થિતિ એ દુનિયામાં સઉથી સરસ સ્થિતિ છે. લગ્નમાં જોડાયાપછી બન્નેપક્ષ એક બીજા તરફ પવિત્ર હોય તો તેનું પરિણામ કાંઇ જુદુંજ આવછે. પણ અરે! આ બાબત સમજેછે કોણુ? પતિ પસંદ કરવામાં ઘણી બાબતો ધ્યાનમાં રાખવાની જરૂર છે. સ્ત્રી પુરૂષો જેમ પોતાના સુખને સારૂ પરણેછે તેમ તેઓ પોતાના ભવિષ્યના બાલકોનું પણ હિત ધ્યાનમાં લઇ પરણતાં હોય તો કેવું સારૂં! પતિની તાદુરસ્તી તેની સ્ત્રીને પણ દુઃખદાયક છે એટલુંજ નહિ પણ તેના ભવિષ્યના વંશવેલાપર પણ આવી પડેછે. પુરૂષ સ્ત્રીને તેનું રૂપ અને પઇસો જોઇ પસંદ કરેછે અને સ્ત્રી પણ પુરૂષને તેનું રૂપ અને પઇસો જોઇ પસંદ કરેછે. પણ એકબીજાને પસંદ

કરવામાં કઇ કઇ બાબતો જરૂરની છે તે તેઓ જાણતાં નથી. પરણવાપહેલાં વિચાર કરવો જોઇએ કે તમારે માટે કયો ધણી કે કઇ સ્ત્રી લાયક છે. કારણકે તેનાપર તમારા ભવિષ્યનો આધાર છે. પોતાના ઘરને માટે કોઇ જાનવર પસંદ કરતી વખતે માણસ તેની બધી રીતે તપાસ કરેછે, ત્યારે લગ્ન કે જેનાપર ભવિષ્યનાં સઘળાં સુખોનો આધાર છે તેમાં જરાપણ વિચાર કર્યા વિના જોડવું, એ ભુલ અને ભય ભરેલું છે. એક બીજાની સાથે લગનમાં જોડાતી વખતે પરસ્પરના બાંધાની બરોબરી, ઉમ્મરનો તફાવત અને એકબીજાને મળતા વિચારોસંબંધી જરૂર વિચાર કરવો જોઇએ. જેવા ગુણ પુરૂષમાં તેવાજ ગુણ સ્ત્રીમાં હોય. અને તેઓ જો લગનથી સાથે જોડાય તોજ તેઓ સુખી જીંદગી ગુજારી શકે. બુદ્ધિમાન્ એ અકકલની સાથે, ઉદાર કંજુસની સાથે, તંદુરસ્ત નાદુરસ્તની સાથે અને એવીજ રીતે પરસ્પર વિરૂદ્ધ ગુણ ધરાવનાર જોડાંઓ, સાથે જોડાવાથી બેશક માઠાં પરિણામ આવેછે. જે સ્ત્રી છાકટ ધણીને પસંદ કરે તો તેણીને માટે ગરીબ સ્થિતિ, દુઃખ અને ભુખમરાનો વખત નજદીક છે. એમ તેણીએ નકકી માનવું, એટલુંજ નહિ પણ એ જોડાંથી ઉત્પન્ન થનાર છોકરાંઉપર પણ તેની નાશકારક અસરથાયછે. કોઇપણ હલકી જાતનોવ્યસની પુરૂષ પણ પતિથવાને નાલાયક છે. જે પુરૂષ પોતાની માતા તથા બ્હેનોને અપમાન આપતો હોય તે પણ પતિ થવાને નાલાયક છે. કારણ કે એવી ચાલથી તે પોતાને હલકા અને ઘાતકી પુરૂષમાં ખપાવે છે. પુરૂષનો બહારનો અદેખાઇ ભર્યો અને

વ્હાલા સાહેબ, આપની શહેનશાહી ચાકુતીનો વરમ્વાર ઉપયોગ કરૂં છુ અને તેનાથી મને સારો ફાયદો થયો છે માટે તમારી યાકુતીને હું ધન્યવાદ આપું છું.

હાજીજમાલ નુરમાહમદ

કકડ

નીચ દેખાવ તેના અંદરના હલકા ગુણોના ગોયા એક સાંકળીયા (Index) સમાન છે. માટે તેવા શખ્સ પતિ થવાને લાયક નથી. આ પ્રમાણે પતિ પસંદ કરવામાં એક સ્ત્રીને વળી બાબતો તપાસવાનીછે. પણ અફસોસ! તેમ થોડીજ સ્ત્રીઓ કરેછે. ઘણો વખત કેટલીક સ્ત્રીઓ દીવો લઇ કુવામાં ઉતરે છે બલ્કે તેનાં માબાપોજ તેણીઓને કુવામાં નાખેછે. વિચાર કર્યાવગર ઉતાવળે પતિ પસંદ કરવામાં પાછળથી ધીરજથી અફસોસ કરવો, એજ પરિણામ આવેછે. જોકે હું કુંવારા રહેવાની ભલામણ કરતો નથી, પરંતુ માઠાં પરિણામવાળા લગ્નમાં જોડાવાકરતાં કુંવારા રહેવું એ વધારે સારૂં છે.

જેમ સ્ત્રીને પતિ પસંદ કરવામાં, તેમ પુરૂષને સ્ત્રી પસંદ કરવામાં પણ ઘણી બાબતો ધ્યાનમાં રાખવાની જરૂર છે. કોઈપણ દરદથી પીડાતી સ્ત્રી પત્ની થવાને નાલાયક છે. અતિ ન્હાની કમ્મરને ખુબસુરતીની નિશાની ધારવી એ ભુલભરયું છે; એવી સ્ત્રીઓ તંદુરસ્ત બાલકને જન્મ આપી શકતી નથી. જેને સારી કેળવણી મલી હોય તેજ સ્ત્રી પત્ની થવાને લાયક છે. આ જગ્યાએ કેળવણી શબ્દ લખ્યો છે તેથી એમ ન સમજવું કે મ્હોટી મ્હોટી પરીક્ષાઓ આપેલી હોવી જોઇએ પણ જેણે ઘરના કમકાજમાં સારી કેળણી લીધી હોય તેજ પત્ની થવાને લાયક છે. જે સ્ત્રીને સારૂં રાંધતાં આવડતું હોય અને સીવવા ભરવાના કામમાં પુરતું જ્ઞાન હોય તેમજ જે સફાઈથી ઘર રાખી જાણતી હોય અને સુઘડ હોય,

---

સઉથા વધારે તો જેને બાલકો કેમ ઉછેરવાં એ સારી રીતે આવડતું હોય, તેજ ખરેખર પત્ની થવાને લાયક છે. ઉપર બતાવેલાં કામો-માટેજ સ્ત્રી પસંદ કરવાની છે એવી મતલબ નથી પણ તે તેવા દરેક કામમાં હુશિયાર અને પહેલી પંકિતની થાય એમ કહેવાની મતલબ છે. આળસુ સ્ત્રી મદદગાર થવાને બદલે બોજારૂપ થઈ પડે છે અને ચાલાક ઉધોગી સ્ત્રી થોડાં સાધનોથી ઘરને ઘરના ખરા રંગપમાં લાવી મુકી પતિનું હઇયું હરખાવે છે. સાચી, ભલી અને ઉધોગી સ્ત્રી ખરેજ એક બેમુલો ખજાનો છે. પણ અફસોસ! તેથી ઉલટા ગુણ ધરાવનારી સ્ત્રી આ કઠણ સંસાર સાગરમાં છેવટેજરૂર ડુબાવેછે. માટે ફકત ખુબસુરતી પરજ લોભાઇ ન પડતાં યમેશાં મજબુત બાંધાની સ્ત્રી નેજ પત્ની તરીકે પસંદ કરવી જોઇએ; કારણકે તેવી સ્ત્રી મજબુત બાંધાના અને તંદુરસ્ત બાલકોને જન્મ આપેછે. જે સ્ત્રીને બચ્ચાંઓ તરફ કુદરતી અભાવ અને અણગમો હોય તે સ્ત્રી પણ પત્ની થવાને લાયક નથી અને છેવટે તમે જે પત્ની પસંદ કરો તેનો ખરો સ્વભાવ કેવો છે તે ઓળખીનેજ તેની સાથે લગ્ન કરજો.

એક લોહીનાં સ્ત્રીપુરૂષ વચ્ચે લગ્ન થવાથી તે જોડાંનાં છોકરાં બહેરાં, આંધળાં, મુગાં અને તનમનની બીજી શક્તિઓમાં ઉતરી ગયેલાં માલુમ પડેછે. હિંદુધર્મશાત્ર અને મુસલમાની ધર્મશાસ્ત્ર પણ માંહોમાંહે લગ્નથી જોડાયલાં જોડાંના તનમનના ગુણો એક સરખા હોવાને લીધે તે તેનાં બાલકોમાં વધારે મજબુતાઇથી પ્રવેશ

કરેછે અને તેટલા માટે માતા તથા પિતાના પક્ષના ચોક્કસ નજદીકના સગાઓમાં લગ્નની ગાંઠથી બંધાવું નહિ. ગમે તેટલો મ્હોટો વારસો અને રીત યા પહેલું મળવાનું હોય તો પણ જે કુળમાં પુરૂષોની ઉત્પત્તિજ ન થતી હોય, કોઇપણ જાતની ઉંચી કુળપણી જે કુળમાં કોઇને ન મળી હોય અને ખર્ચ, કોઢ, ફેફેરૂં, હરસ વગેરે દરદો જે ખાનદાનમાં ઓથે ઉતરતાં હોય, તે કુળની કન્યા કદીપણ પરણવી નહિ. સાધારણ રીતે જોઇએ તે કરતાં મોટા અવયવોવાળી, રોગિષ્ટ, બહુ રૂવાંવાળી, તદન રૂવાંવગરની અને કઠોર તથા ભયંકર નામવાળી સ્ત્રીને કદીપણ પત્ની તરીકે પસંદ કરવી નહિ.

"ખુશનુમાં નામવાળી, હંસ અને હાથીની માફક ચાલનારી, ખુબસુરત, નાજુક અને જેના વાળ, રૂંવાં તથા દાંત ઝીણા હોય, એવી સ્ત્રી તેજ પત્નીતરીકે પસંદ કરો, પરંતુ આ સઘળા ગુણોવાળી છતાં જો તે ઉમ્મરે મ્હોટી હોય તો તેનાથી દુરજ રહેજો. સ્ત્રી પસંદ કરવામાં આટલીબધી સંભાળ રાખવાની જરૂર છે તેનું કારણ એટલુંજ કે જે જે બાબતો માણસને સાધારણ રીતે પ્રીતિ અને પ્યાર ઉત્પન્ન કરનારી છે તે સઘળી બાબતો તેવી સ્ત્રીમાં એકઠી રહેલી છે. જુવાન, રૂપાળી અને ઉપર કહેલા સારાં લક્ષણોવાળી સ્ત્રીમાં ધર્મ અને લક્ષ્મીનો સમાવેશ થાયછે.

જો અતિ વિષયાંધ સ્ત્રી સાથે ઉત્તમ માનસિક શક્તિ તેમજ ઉત્તમ શારીરિક શક્તિ ધરાવનાર પુરૂષનો સબંધ થાયતો તે પુરૂષનો નાશ જલદીથી થાય છે; કારણકે તેની સ્ત્રી સાથે જોડાયા પછી તેને

માનસિક અને શારીરિક એ બન્ને શક્તિનો ખરચ કરવો પડેછે અને તે બન્ને શક્તિનું એટીવખતે ખરચ કુદરતથી સહન થતું નથી, જેને લખવા, વાંચવા, ભણવા વગેરેનું કામ હોય તેણે કાંતો સ્ત્રીસંબંધમાં અતિયેગનો ત્યાગ કરવો અને કાંતો માનસિક મહેનતનો ત્યાગ કરવો. નહિતો તેનું પરિણામ મોતસિવાય બીજું કશુ આવતું નથી.

લગ્ન થયાપછી રેગિષ્ટ બાલકો ઉત્પન્ન થવાનાં કારણોમાં હજુ આપણે એક બીજા ભયંકર કારણનો ઉમેરો કરી શકીશું. ખુબસુરત માણસોનો મોટો ભાગ લંપટપણાને લીધે અથવા પુરતી રીતે કાળજી નહિ રાખી શકવાને લીધે ગરમીના ચેપી રોગનો ભોગ થઇ પડેછે. ગરમી પ્રથમ પુરૂષ કે સ્ત્રીને છુપી ઇંદ્રિઅપર દેખાવ આપેછે અને તેનો આકાર પ્રથમ એક નના ચાંદાજેવો હોયછે, જેની અસર શરીરમાં ધીમે ધીમે પ્રસરેછે અને પછી તેમાંથી હાનીકારક ત્રાસજનક પરિણામો ઉત્પન્ન થાયછે, એવું કોઇપણ દરદ નથી કે તેની ખાનેખરાબીની સરખામણી આ દરદની ખાનેખરાબી સાથે થઇ શકે, તે રોગ પોતાની ઝેરી અસરથી આખા શરીરને સડાવી નાખેછે તથા મજબુત અને તંદુરસ્ત બાંધાના માણસને પણ બેકાર બનાવી, રોગીષ્ટ નરના કરી મુકેછે. ગરમીનુ દરદ આંખને પણ અસર કરેછે અને છેવટે તે, માણસને અંધાપો આપેછે. આ દુષ્ટ રોગનાં ભયંકર પરિણામો કાબેલ ડાકટરને પણ કાયર કાયર કરી નાખેછે. ગરમી છુપા ભાગપર તેમજ શરીરના બહારના ભાગપર

વહાલા સાહેબ તમારી રાહેનશાહી ચોપડી મને મોટી મદદગાર નીવડી છે હું ચાહું છું કે તેનો ઘણોજ ફેલાવો થાય.

કાનચનારલા કીશનારાવ

બેલગાવ.

અસર કરેછે એટલુંજ નહિ, પણ તે ફેફસું, તલ્લી અને એવા બીજા શરીરના દરેક અવયવઉપર પણ અસર કરેછે. આ દરદ, દર્દીપર જરાપણ દયા બતાવતું નથી. તે એકવાર લાગુ પડ્યું તો તેને પાયમાલ કરી મુકેછે. ગરમીના ચેપી રોગની અસરવાળા ઘણા જુવાન પુરૂષો પોતે એ દરદમાંથી મુક્ત થાયછે, એમ સમજીને અથવા મુક્ત ન થયા છતાં બેદરકારીથી જુવાન નિર્દોષ કન્યાસાથે લગ્નમાં જોડાયછે અને તેથી તેના ચેપી રોગની અસર તે સ્ત્રીને પણ થાયછે. પુરૂષના હોઠપર નજીવી ગરમીની અસર હોય ત્યારે પણ જો તે પોતાની સ્ત્રીને 'કીસ' લે તો તેથી પણ સ્ત્રીના હોઠપર ગરમી લાગુ પડેછે. ગર્ભસ્થાનમાં રહેલા બાળકને પિતાતરફથી વારસામાં મળેલી ગરમીની અસર સ્ત્રીના ઉપર થાયછે પણ તે વાતથી અજાણ્યા પુરૂષો પોતાની નિરપરાધ પત્નીપર પતિવ્રત્યના ભંગનો આરોપ મુકેછે. ગર્ભથી મળેલી ગરમીથી બાલક મુવેલું અવતરે છે, અથવા જીવેછે તો તે દરદીજ રહેછે અને તે પછી દરેક હમેલવખતે ઓઅધુરે જાયછે. આવા વખતમાં સ્ત્રી અને પુરૂષ એ બન્ને સારા ડાક્ટરની દવા કરવી જોઇએ. તદુરસ્ત સ્ત્રીને અધુરે જવામાં તો પતિતરફથી હરકોઇ રીતે મળેલી ગરમીજ કારણરૂપ છે. સ્ત્રીના શરીરમાંથી ગરમીની અસર દુર થઇ ન હોય ત્યાંસુધી તે સ્ત્રી ગમે તેટલીવાર હમેલદાર થાય, તો પણ તે દરેક વખતે, કોઈવાર બાલક ગર્ભમાંજ (પેટમાંજ) મરી જાયછે અને કોઇ વખત જન્મીને મરી જાયછે અને કોઇ વખત તંદુરસ્ત સ્થિતિમાં અવતરે છે; છતાં થોડા

વ્હાલા શાસ્ત્રી, તમારી પ્રખ્યાત શહેનશાહી ચાકુતીની ડબી ત્રણ વી.પી. થી રવાના કરશો.

બૈજનાથપ્રસાદ કીશનપ્રસાદ,

પાટના સીટી.

દહાડાપછી તે ગળતું જાયછે અને છેવટે મરણ પામેછે. ઘણી વખત અધુરે જવાથી તે સ્ત્રીનું પણ મરણ નીપજેછે. ગરમીનો ચેપી રોગ સ્ત્રીને પોતાના પતિતરફથીજ સીધી રીતે મળેછે એમ પણ નથી. પરંતુ ગર્ભમારગે પણ મળેછે. પુરૂષના શરીરમાં ગરમીનો ચેપી રોગ એવી રીતે ભરાઇ બેસેછે કે, તે સ્ત્રીને સંયોગને વખતે લાગુ પડતો નથી પણ જ્યારે મહીના રહેછે ત્યારે તે ગર્ભમારફતે તેને લાગુ પડેછે. ગરમીના દરદવાળી માતા જો ગરમીની અસર ગર્ભમાં રહેલા બાલકને આપી શકે, તો તે બાલક પોતાના પિતાના તરફથી મળેલી ગરમીની અસર પોતાની માતાને પણ આપી શકે, એ બીના વગર તકરારે સાબીત થઇ શકેછે. ધવાડનારીની ગરમીની અસર છોકરાંને અને છોકરાંની ગરમીની અસર ધવાડનારીને પણ લાગુ પડેછે. ખાવનાં વાસણો, પહેરવાનાં લુગડાં, છત્રી, લાકડી, હોકા, પેનસીલ, કલમ, કાગલ કાગળ અને ચમચાવગેરે પણ તે દરદવાળા દરદીના ઉપયોગમાં આવ્યા હોય તો તેથી પણ તે દરદ બીજાને લાગુ પડેછે.

જુવાનીની ગેરવર્તણુકનું ફળ દરદ અને મોત સિવાય બીજું કાંઇ નથી એ, બદફેલીમાં પડેલા જુવાન માણસોએ નકકી માનવું. ગરમીથી પુરૂષનો બહારનો દેખાવ ખરાબ થઇ જાયછે, નાક ખવાઇ જાયછે, હોઠ બગડી જાયછે, આંખોનાં દરદો ઉત્પન્ન થાયછે, સંધિવા થાયછે અને જેમ જેમ તે દરદ ઘર કરતું જાયછે તેમ તેમ તે હાડકામાં અસર કરતું જાયછે; છેવટે તે દરદી દુઃખીદુખી થઇ મરણ પામેછે. પતિ ગરમીના દરદથી તદન મુકત થયો નહોય ત્યાં સુધી

તેની સ્ત્રીએ કોઇપણ બાળકને જન્મ ન આપવો, એ વધારે શ્રીમાન મણુભરેલું છે. કારણ કે તેવી સ્થિતિમાં બાળકને ઉત્પન્ન કરવું, એ એક ઇશ્વરી ગુન્હો છે. ગરમીના રોગવાળાં માબાપોથી ઉત્પન્ન થતાં છોકરાં ગર્ભમાં મોતથી બચી પણ જાયછે અથવા તે રોગની કાંઇ પણ નિશાનીવગર જન્મ પણ લેછે; પરંતુ એવી સંતોષ પામવાજેવું નથી. માબાપતરફથી વારસારૂપી મળેલી ગરમીની અસર જે સ્પષ્ટ જાણવામાં ન આવે તે વધારે મુસીબત ભરેલું છે. ગરમીવાળાં મા-બાપોનાં છોકરાંઓમાં કદાચ ગરમીની અસર ન હોય, તોપણ તેઓ વારસામાં નબળાઇ લઇનેજ અવતરે છે; વળી તેઓ નાજુક, ખરાબ દેખાવનાં, મોંહાં, કરમાઇ ગયેલાં, ધ્રુજતાં, ઠીંગણાં અને ઘરડા મા-ણસજેવાં દેખાયછે. આવાં છોકરાંઓ મોતને સાથે લઇનેજ ફરે છે. તેઓ મ્હોટાં થવાને વાસ્તે જન્મ લેતાં નથી અને જીવેછે ત્યાંસુધી અવયવોના અધુરા અને અશક્તપણાને લીધે જીવવાને વાસ્તે નાલા-યકજ દેખાયછે. વારસામાં મળેલી ગરમીની અસરવાળાં બાળકો મોટાં થાયછે ત્યારે બીજાં સાધારણ બાળક માંદવાડમાં દુઃખ ભોગવે તેનાં કરતાં વધારે અને લાંબા વખતસુધી દુઃખ ભોગવે છે અને તેવાં બાળકો કંઠમાળ, જુદી જુદી જાતોની ગાંઠોની અસર, તાવ, આંચકી, ખસીવગેરે દરદોને સાથે લઇનેજ અવતરે છે જુવાન સ્ત્રીઓમાં સ-ગર્ભસ્થિતની નબળાઇ અને દુર બેસવામાં અનિયમિતપણું વગેરે દરદો વારસામાં મળેલી ગરમીનું પરિણામ છે, એમ સાબીત થઇ ચુકયું છે.

મનુષ્યો દુઃખી સ્થિતિમાં લાવનારા અનેક કારણોમાં એક

વઇદ સાહેબ, તમારી પ્રખ્યાત [illegible] ચાકુતીની ડબી નાં. ચાર ટપાલ રસ્તે મોકલાવવા મહેરબાની કરશો.

મુલચંદ ગંડામલ,
[illegible].

અતિશય ધ્યાન આપવાજોગ કારણ પર હું વાંચનારનું ખાસ ધ્યાન ખેંચું છું. પશુવૃત્તિની માફક કરેલા સ્ત્રીસંગથી વખતોવખત ઉત્પન્ન થતાં છોકરાં કેવલ તેનાં માબાપનેજ નહિ પણ દુનિયાને પણ કંગાલ સ્થિતિમાં લાવનાર સાધનરૂપ થઈ પડે છે. એક સ્ત્રી દર એક એક વર્ષે અથવા પોતાના જીવિતસુધીમાં ઓછામાંઓછા વીશથી ત્રીસ છોકરાંની મા થઇ શકે; પણ પુરૂષ તો તેટલા વખતમાં એકસો કરતાં પણ વધારે છોકરાંનો પિતા થઈ શકે. અસંખ્ય છોકરાંના માબાપ થવું, એ ખરી નીતિની તદન ઉલટું છે. પ્રજાનો અતિશય વધારો એ ગરીબાઇ વેહેલી આવવાનો પહેલો પાયો છે. અનુભવથી એમ સાબીત થયું છે કે, દુનિયામાં માણસોને ખોરાકી પોશાકીના સાધનો પૂરાં પડી શકે તે કરતાં માણસની વસ્તી વધારે થતી માલુમ પડે છે અને તેથી એમ સાબીત થાય છે કે વસ્તીનો વધારો એ દુઃખનો વધારો છે. કુટુંબમાં માણસની હદવાળી સંખ્યા એ મ્હોટા પુણ્યની નિશાની છે અને બાલબચ્ચાંથી ભરપુર ઘરમાં છોકરાંઓની વધતી જતી ઉત્પત્તિ, એ મ્હોટામા મ્હોટી પાપની નિશાની છે. ચોકસ, કમાણીવાલાં બે કુટુંબોમાંના એક કુટુંબમાં ઘણાં બાલબચ્ચાં હોય, અને બીજા કુટુંબમાં માત્ર તેથી અર્ધાં હોય તો થોડાં છોકરાંવાળાં માબાપોને પઈસાસંબંધી કેટલી સારી સગવડ થશે? એ હિસાબ કમઅકકલવાળા માણસથી પણ સહેલાઇથી સરજી શકાય એમ છે. જોકે ઘણાં પેદા થયેલાં છોકરાંમાંથી ઘણાંજ થોડાં મ્હોટી ઉમ્મર થતાંસુધી જીવે છે; કારણ કે કેટલાંએક નબળાઇને લીધે, કેટલાંએક અયોગ્ય

મહેરબાન સાહેબ, આપના ધ્યાન ઉપર મુકવા આવું છું કે તમારી શહેનશાહી યાકુતી ધાતુપાતને એકદમ બંધ કરે છે તે માટે ડબી નાં. ૬ જલ્દી મેકલાવશો.

મે. બાબુ બા.
માંગલોર.

અને અપુર્ણ પોષણને લીધે, કેટલાંએક ઘરની વધી ગયેલી વસ્તીથી ફેલાયેલા ચેપી રોગોને લીધે અને અને કેટલાંએક તેમના વાલીતરફની અપુર્ણ સંભાલને લીધે જીવી શકતાં નથી; તોપણ જે મનુષ્ય પોતે ઉત્પન્ન કરેલાં છોકરાંને કપડાં પહેરવાંના, ગુજરાન ચલાવવાના અને કેળવણી આપવાના સાધનમાં અશકત હોય, તેણે છોકરાં ઉત્પન કરવાં, એ એક મ્હોટો ગુન્હો કર્યા બરોબર છે. જો સરકાર તરફથી છોકરાંની સંખ્યાના પ્રમાણમાં માબાપ ઉપર કર નાખવામાં આવે તો અશકત માબાપો વધારે છોકરા ઉત્પન્ન કરતાંઅડકે ખરાં. છોકરાં ઓછાં ઉત્પન્ન કરવાના મતમાં મલતા આવનાર મનુષ્યો કદાચ પોતાના વિચાર એવી રીતે જાહેર કરે કે, કોઇ મનુષ્ય પોતાનાં ભવિષ્યનાં છોકરાંનું ભરણ પોષણ કરવાને પોતે પુરતી રીતે લાયક છે, એમ તેને ખાત્રી થાય નહિ ત્યાંસુધી તેણે બીલકુલ પરણવુંજ નહિ જોઇએ. તો હું આ વિચારથી વદન ઉલટો છું. કારણકે લગ્નનો હેતુ કંઇ માત્ર છોકરાં ઉત્પન્ન કરવાનોજ નથી પણ તેથી એક બીજાને ઘણી રીતે મદદ કરવાનો છે. વળી ઉમ્મરે પ્હોંચ્યા પછી કુદરતી કાયદાના નિયમપ્રમાણે સ્ત્રી સંગમાં અટકાયત પણ સ્ત્રી તથા પુરૂષ એ બન્નેને નુંકશાન કારક છે અને તેથી સાબીત થાયછે કે કુંવારા રહેવું એ કાયદાથી તદન વિરૂદ્ધ છે. વળી કુંવારા કરતાં પરણેલા માંણસોનું આયુષ લાંબું થાયછે એટલુંજ નહિ પણ પરણેલા કરતાં કુંવારા મનુષ્યની સંખ્યામાં ગુહ્ય ભાગોનાં દરદો વિશેષ જોવામાં આવેછે અને તેથી શારીરિક અને માનસિક એ બન્ને નીતિ જાળવવામાટે સ્ત્રીપુરૂષ વચ્ચેનાં લગ્ન અવસ્યથવાંજ જોઇએ. કુદરતી

નિયમજ આપણને એમ સિદ્ધ કરી આપે છે કે, કોઇપણ સ્ત્રીએ પુરૂષ વિના અને કોઇપણ પુરૂષે સ્ત્રીવિના રહેવું નહિજ જોઇએ. મતલબ કે દરેક સ્ત્રીને પોતાનો ધણી અને દરેક પુરૂષને પોતાની સ્ત્રી હોવીજ જોઇએ. ચાલતા રાજકીય કાયદામાં જો કોઇપણ ઉમ્મર પહોંચેલો પુરૂષ કે કોઇપણ ઉમ્મરે પહોંચેલી સ્ત્રી પરણ્યા વગરની સ્થિતિમાં રહે તો તે અમુક શિક્ષાને પાત્ર થાય, એવા નિયમનો ઉમેરો થાય તો કેવું સારૂ? તેની સાથે એટલો પણ વધારો થવો જોઇએ કે, અમુક વર્ષપહેલાં પરણનાર સ્ત્રી કે પુરૂષ અમુક શિક્ષાને પાત્ર થાય અને જો તે છેક ન્હાની ઉમ્મરનાં હોય તો તેનાં માબાપો શિક્ષાને પાત્ર થાય. જો મારા હાથમાં એ પ્રમાણે કાયદાની કલમ ઉમેરવાની સત્તા હોય તો કોઇપણ કામ કરવાપહેલાં હું તે નિયમનોજ ઉમેરો કરૂં.

જોકે આ ન્હાની ચોપડીમાં ચર્ચેલો વિષય, વાંચનારને કોઇપણ રીતે કંટાળો ઉપજાવે એવો નથી તોપણ બહુ લંબાણના ભયથી એ વિષય એટલેથી બંધ કરતાં વાંચનારને મારી એટલીજ ભલામણ છે કે જ્યારે જ્યારે તેઓ આવાં નહિ સહન થાય એવાં દરદોમાં ફસાઇ ગયા હોય ત્યારે તેઓએ, તે દરદોના ઇલાજ સારા વઇદ કે ડાકટરના હાથથી શરૂ કરાવવા, પણ ઘરમેળે હાથે હાથે ભળતી દવાઓ વાપરી પોતાને વધુ ભયભરેલી હાલતમાં મુકવા નહિ. આ જમાનામાં દેશી વઇદું ધંધા ધોપા વગરના માણસને માટે રહેલું અને સસતું થઇ પડયું છે. નામધારી વઇદો ઠામઠામ અને ગામોગામ જોવામાં

આવેછે અને તેયો મશહુર કહેવત થઇ પડી છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, કનિષ્ટ ચાકરી, આખર ભીખ, અને તે પણ ન આવડે તો વઇદું શીખ" અફસોસ! વઈદ વિદ્યાની કેવી પડતી દશા? જે ઉમદા ધંધામાં ઘણું જાણવાનું, ઘણું જોવાનું અને ઘણું સાંભળવાનું છે તે ધંધાને આવી છેક હલકી પંક્તિપર લાવી મુકવામાં આવ્યો છે. સારા અનુભવી વઇદો, હકીમો અને ડાકટરો પણ જીંદગી વઇદાંનો અભ્યાસ કર્યા કરે તોપણ પાર ન આવે એવી આ ઉત્તમ વિદ્યાને વગર અભ્યાસે અને વગર કારણે, સંપુર્ણ થયેલી સમજનારા ઘણા ડોળઘાલુ માણસો તેની પંક્તિપરથી ઉતારી પાડેછે. જેઓને પુરું સંસ્કૃતનું તો શું પણ પુરૂંપાધરૂં પોતાની દેશભાષાનું જ્ઞાન પણ ન હોય તેઓ બીજો કોઇપણ ધંધો હાથ ન લાગવાથી કોઈની પાસે થોડું ઘણું લખાવી દવાઓ સંબંધી જાહેર ખબરો બહાર પાડે છે. જાહેર ખબર બહાર પાડનારા કોણ છે અને તે વિદ્યામાં તેણે કેટલી માહીતી મેળવી છે, એવો વિચાર થોડાજ માણસો કરેછે. મારા જોવામાં અને સાંભળવામાં આવ્યું છે કે કેરોસીન તેલની ફેરી કરનારા, હલકા વ્યાપારીઓ, હલકા ગાંધીઓ, છુટક છુટક પરચુરણ દવા વેહેંચનારાઓ અને બહુ થોડું જ્ઞાન ધરાવનારી સ્ત્રીઓ પણ મ્હોટાં અને ખોટાં હેન્ડબીલો બહાર પાડી લોકોને ઠગેછે. આ ઉપર પ્રજાએ ઘણું ધ્યાન આપવાનુ છે અને તેવી જાહેર ખબરમાં નહિ ફસાતાં ખરાં-ખોટાંની પરિક્ષા કરી દવા કરાવવી જોઇએ. જો કે આ પ્રમાણે લખવાથી મારે ઘણાનો કોપ વહોરી લેવો પડશે તો પણ જે

વ્હાલા શાસ્ત્રી, તમારી પ્રખ્યાત શાહેનશાહી ચાકુતીની ડબી ત્રણ વી.પી. થી રવાના કરશો.

મે. અરદેશર શાપુરજી
મુંબઈ.

ખરૂં છે તે જાહેરમાં લખવું જોઇએ, એ મારી ફરજ છે, એમ સમજી માત્ર એ સંબંધી લોકોને ચેતવણી આપી આ ન્હાની પણ ઉપયોગી ચોપડીની સમાપ્તિ કરવાની સાથે આટલું પણ જણાવવાની જરૂર છે કે લગભગ ત્રીસ વર્ષ થયાં મેં હાથ ધરેલા ધંધામાં હસ્તક્રિયારૂપ બદીથી નીપજતાં અસંખ્ય ભયંકર દુઃખોરૂપ પરિણામવિષે મને જે અનુભવ મળ્યો છે, તે ઉપરથી હું કહેવાને શક્તિમાન થાઉંછું કે સેંકડે ૮૦ ટકા દરદી આ પુસ્તકમાં જણાવવામાં આવેલી કુટેવના ફળ ભોગવે છે. કેટલાકોએ મને રૂબરૂમાં તેઓની હકીકત જાહેર કરી છે અને કેટલાકોએ પત્રદ્વારા જાહેર કરેલી છે. જેઓ પત્રદ્વારા એ કુટેવથી પોતાની સ્થિતિ જાહેર કરેછે અને તેઓ જે સંતાપ જનક દુઃખમાં આવી પડે છે તેનો ચિતાર, મારાપર આવેલા કેટલાક પત્રોનો સાર જે હું નીચે લખનારાઓનાં નામઠામવિના ટાંકુ છું તે ઉપરથી સહજ આવી શકશે.

કાગળ ૧ લો.

મારી ઉમ્મર વર્ષ ૨૬ ની છે, હું પરણેલો છું, મને હાથરસની કુટેવ પંદરમાં વર્ષથી લાગુ પડી હતી. પાંચ વર્ષ ચાલુ રહી હતી. હાલ હું કેવળ નપુંશક છું. વીર્યસ્રાવ રાત્રિદિવસ થયા કરે છે. મારી સ્ત્રીને દેખી મારૂં મન બળે છે, હું તદ્દન પુરૂષ પણાથી નીકળી ગયો છું. યાદ શક્તિ ગુમ થયેલી છે. વધારે શું લખું? મારા જેવો દુઃખી દુનિયામાં બીજો નહિ હોય એમ મારૂં મનવું છે. મહેરબાની કરી મારો કાંઇ ઉપાય કરશો. મને જીવતદાન આપ્યું સમજાશે. મેં. ત-

---

મહેરબાન, મારા એક મીતરે તમારી પ્રખ્યાત શહેનશાહી ચાકુતી અજમાવવાની મને સલાહ આપી છે તેથી મેં ત્રણ ડબીઓ વાપરી છે અને મને ઘણોજ ફાયદો થયો છે.

મે. બાબુજી નુરભાઇ સન્સ,
મુંબઈ.

મારી કીર્તી સાંભળી છે. તમારી ગોળીની તારીફ સાંભળી તથા વાંચી છે. જો મને એ દવા અથવા બીજી કોઇપણ દવા લાગુ પડે એમ હોય તો મોકલશો. હું ખુશીથી તેની કિંમત તથા ખર્ચવિગેરે આપીશ.

કાગળ ૨ જો.

તમારા વૈદકજ્ઞાનસંબંધી હું ઉંચું મત ધરાવુંછું, અને તેથી મારી સ્થિતિ જાહેર કરૂં છું કે આઠ વર્ષપહેલાં જ્યારે હું એક નિશાળીઓ હતો ત્યારે કેટલાક સોબતીઓથી મને......ની કુટેવ લાગુ પડી હતી. હવે હું તદન સંસાર ભોગવવાને અશકત થયો છું તદન શિથિલ મારા હાથપગ ધરૂજેછે. ચેહેરો ફીકકો પડી ગયો છે. હિમ્મતથી બોલી શકતો નથી. માણસને કંઇ યાદ કેમ રહેતું હશે એ વિચાર મને વરંવાર આવ્યા કરેછે. આપને હું. મારા માતપિતાસમાન સમજુંછું. મારો મિત્ર તમારી ગોળીથી સારો થયોછે અને તેનીજ ભલામણથી હું આપની **શાહેનશાહી યાકુતી** ઉપયોગ કરવા ધારૂંછું. મારા કેશમાં જો એ ગોળીના ફાયદાકર્તા લાગે તો મને જરૂર જેટલી ગોળીઓ હાલ મોકલશો. હું જીવતાંસુધી આપનો ઉપકાર ભુલનાર નથી.

કાગળ ૩ જો.

મારો એક મિત્ર અતિ દુઃખી દરદી છે. આજ દશબાર વર્ષ થયાં તે પોતાની હકીકત કોઇને જાહેર કરતો નથી. વારંવાર રડેછે. શું કરવું તે તેને કાંઇ સુજતું નથી ના હિમ્મત થયો છે; શરીરે ઘણોજ લેવાઇ ગયો છે. શકિત બાનકુલ નથી, એક બાળકજેવો

વ્હાલા સાહેબ, આપની શાહેનશાહી યાકુતીના વરમ્વાર ઉપયોગ કરૂં છુ અને તેનાથી મને સારો ફાયદો થયો છે માટે તમારી યાકુતીને હું ધન્યવાદ આપું છું.

મે. બાબુલાલ એન્ડ કુાં
કલકતા.

દેખાય છે, હજુ હવે પરણવાનું છે. તેનાં માબાપ પરણવાનો આગ્રહ કરેછે અને તે ના પાડેછે. આપ લખો તો હું તેને આપની પાસે મોકલું. તે કહે છે કે હું પ્રથમ ખરો પુરૂષ હતો, હાલ બાળકથી પણ ખરાબ છું. કારણ તેને......ની કુટેવ લાગુ પડી હતી તેને અનાજ પચતું નથી, હાલવા ચાલવાની શક્તિ બિલકુલ નથી. તે અવયવ ઘણોજ ટુંકો પડી ગયો છે; વગેરે બીજી પણ ન લખી શકાય તેવી સ્થિતિ થઈ છે. આપનાં પુસ્તકો તથા ઔષધોની પ્રખ્યાતિ જાણીને આપનો આશ્રય લેવા ચાહેછે, માટે પ્રત્યુત્તર જલદી પાઠવશો.

કાગળ ૪ થો.

અનેક પત્રદ્વારા તથા મિત્રોદ્વારા આપની સુકીર્તી સાંભળી આ કાગળ લખવા હું હિમ્મત ધરૂં છું. તમારી **શાહેન શાહી ચાકુતી ઓથી** એક મારા મિત્રને અતિશય ફાયદો થયો છે. મને તે ફાયદા કર્તા નિવડશે એમ ધારૂં છું અને તેથી મારી સ્થિતિ આપને લખી જણાવું છું. કૃપા કરી કાગળ વાંચી ફાડી નાખજો. મને જવાબ લખો તો બીડેલ કાગળમાં લખશો. તેને માટે ટીકીટ આ સાથે બીડું છું. કાર્ડ પર લખતા નહિ.

મને વારંવાર પેસાબ થાય છે. પેસાબની નીચે જાડો થર બાઝી રહેછે. પેસાબનો રંગ પીળો છે. ગરદન, પીઠ, અને કમ્મરમાં ન ખમાય તેવો દુખાવો રહ્યા કરેછે હું બીકણ થયો છું. મારૂં મગજ ગુંચવાઇ ગયું છે. આપઘાત કરવાની મરજી થાયછે. મને

વ્હાલા સાહેબ તમારી શાહેનશાહી ચાકુતી મને મોટી મદદગાર નીવડી છે હું ચાહું છું કે તેનો ઘણોજ ફેલાવો થાય.

બાબુ કાલકાપરસાદ કામનગરાહ
બનારસ—સીટી

સ્ત્રી સંગની બહુ ઇચ્છા થાય છે પણ પરિણામ નિષ્ફળ નિવડેછે. મને કોઇપણ કામતરફ કંટાળો આવેછે. શું કરવું તે સુજતું નથી. આપ સમજી ગયા હસો તો પણ લખું છું કે મને ખરાબ સોબત થઇ હતી. હાથનો ઉપયોગ કર્યો છે અને તેથી એ બધું થયું છે. મરજી મુજબ મને અઉષધો વગેરેનું બતાવસો અને **શહેનશાહી યાકુતી** ફાયદો કરે તેમ હોય તો તે રૂ. દશની વી. પી. થી મોકલસો.

કાગળ ૫ મો.

હું એક થાકેલો દર્દી છું છેવટ આપનો આશ્રય લેવા ધારૂંછું. ઘણી જાહેર ખબરો. તાકાત આપનારી ગોળીઓના વાંચી તેનો ઉપયોગ કર્યો પણ ફાંફાં, જેઓએ મને દવા આપી છે અને મેં તેના પઇસા ખરચ્યા છે તેથી એક ગરીબ સ્થિતિમાં આવી ગયો છું. હવે તો એક આપને શરણછું, જોઇએ તો તારો અને જોઇએ તો મારો આપ સિવાય મારો એકે ઉપાય નથી. યાદદાસ્ત બિલકુલ નથી, તરત થાકી જાઉંછું, આંખો ઊંડી ઉતરી ગઇ છે, મારૂં માથું ફરેછે, આંખે અંધારાં આવેછે, સ્વપ્નામાં ધાતુ જાયછે, મને સ્ત્રી સંગની બિલકુલ ઇચ્છા થતી નથી, મારીસ્ત્રી મને જોઇ અને મારી પાસે આવી નિસાસા મુકેછે અને તેથી મને વધારે દુઃખ થાયછે. આ સઘળું મને મારા દોષથી થયુંછે તેમાં કોને દોષ આપું? હું છેક બાળક સ્થિતિમાં હતો ત્યારથીજ મને પગાણે ધાતુ કાઢવાની ટેવ પડી તે છેક મારી વીશ વર્ષની ઉમ્મર થઇ અને પરણ્યો ત્યાંસુધી ચાલુ રહી. હવે સાવ

વઈદ સાસ્ત્રી, તમારી પ્રખ્યાત શહેનશાહી યાકુતીની ડબી નાં. ચાર ટપાલ રસ્તે મોકલાવવા મહેરબાની કરશો.

અરદેશર મેરવાન

મુંબઈ.

ધજજેવો થઈ ગયો છુ. મારી સ્ત્રી માગી આબરૂ ગુમાવસે, એવી બીક લાગેછે. આવી ખાનગી વાત આપને માબાપ સમજી લખુ છુ કાગળ વાંચી ફાડી નાખસો અને મને યોગ્ય ઉપાય તથા સલાહ આપસો. મારી સ્થિતિપર નજર રાખી મને દવાનુ યોગ્ય ચારજ કરસો. વધારે શુ લખુ?

+ ×

હવે હુ મારો મત બદલાવવાનો વખત આવ્યો છે. તમારા અઉષધાલયમાંથી મગાવેલી ૪૦) ગોળીઓથી મને એટલો બધો ફાયદો થયો છે કે 'તેની કીમત સોના ભારો ભાર છે' એમ કહેવાને બદલે 'તેની કીંમત હીરા ભારો ભાર છે' એમ હવે કહુ છુ.

દુનિયામાં માણસ બીજી હરકોઇ વસ્તુ કરતાં પોતાની જીંદગીની વધારે કાળજી રાખેછે અને જે જીંદગીને તાકાત અને જોર આપે તે જીદગીથી બીજે નબરે આવે છે. તમારી દવાઓ સબધી તમારી હકીકતમાં જો કોઇને શ્રદ્ધા ન આવે તો તેમાં માત્ર તેના અનીષ્ટ ગ્રહનો દોષ સમજવો.

કે ઇબ્રાહીમ

કોકનાડા

× ×

વ્હાલા સાહેબ

તમારી શહેનશાહી યાકુતીગોળ મેં વાપરી છે તેનાં અતિઉતમ રીતે વખાણ કર્યા વગર મારાથી રહી શકાતું નથી તેઓએ પોતાની જે જાદુઇ અસર બતાવી છે તેને લીધે દુનિયાની સપાટીપર કોઇપણ બીજી દવા તેની બરાબરી કરી શકે તેમ નથી અને તેથી તમે રસીકશાસ્ત્રમાં જણાવેલાં દરદો જેવાં બીજા દરદોથી પણ પીડાતાં કોઇ-

ને પણ હું તમારી દવાનીજ ભલામણ કરીશ.

રામચદરપાલ કે. એચ

× × કરાચી

સાહેબ

મેં પોતે તમારી **શહેનશાહી યાકુતી** વાપરી છે જે **યાકુતી** નીઃસંશય વાપરવા લાયક છે. કારણકે તે રોગને જડ મુળથી તદન કહાડીને તંદુરસ્તી આપનારી છે.

અબદુલ સાહેબ સન્સ

× × મદરાસ

મહેરબાન

દરેક માણસે કોઈની પણ સોધનાં સારા પરિણામ સાંભળી ને ખુશી થવું જોઇએ, તેથી મારે તમને પ્રથમજ કહેવું જોઇએ કે તમે અને તમારી **શહેનશાહી યાકુતી** આ પૃથ્વીપર મને મળી શકે તેમાં ઉત્તમોતમ મિત્ર રૂપ છે કારણ કે તમારી **યાકુતી** મને મોતમાંથી બચાવી લઇ ફરીને જીવતદાન આપ્યું છે.

બી. શન. એલ. એમ. એસ.

× × કલકત્તા

માનવંતા સાહેબ

જ્યારથી હું તમારી **શહેનશાહી યાકુતી** લઉં છું ત્યારથી મારે ડાકટરનું કાંઇપણ બીલ ચુકવવું પડતું નથી. અગાઉ મારે આપવાં પડેલાં ડાકટરનાં બીલોની સાથે સરખાવતાં તમારી **યાકુતીને** માટે મે જે રકમ ખરચી છે તે તદન જુજ જે તમારી એ કીમતી **યાકુતીને** માટે હું તમારો ઘણો આભાર માનુ છું

અલીમામદ ફઈજુલામામદ

મુંબઈ

તમારી **શહેનશાહી યાકુતી** વાપરવાથી મને અત્યંત ફાયદો અને શાંન્તી મળેલ છે. તે એક એવી પૌષ્ટીક દવા છે કે જેની કોઈપણ દવા બરાબરી કરી શકે તેમ નથી. તે નવાબ જેવી રીતે તંદુરસ્ત બનાવે છે. તમો પરમાત્માના એક એવા પ્રતિનિધી રૂપ છો કે જેના મારફત બેદરકાર મનુષ્યોને તંદુરસ્ત બનાવવા માટે તે આવા પ્રજાજો મોકલે છે.

ડી. એ. અહુજા.
રંગુન

વ્હાલા સાહેબ,

આપે મોકલેલી **શહેનશાહી યાકુતી** માટે મારે આપનો કેવી રીતે ઉપકાર માનવો? એહાડુ પણાથી તથા સાઇકલના મહાવરાને લીધે લાગુ પડેલી ધાતુ પાતની બીમારીને તે ગોળીઓએ મારી પરિક્ષા પહેલાંજ પુર્ણ રીતે મટાડી દીધી છે. વળી એક ૪૦—૫૦ વરસના ઘરડા માણસના કેશમાં એ ગોળીઓ ચમત્કારીક રીતે અસર કરતી મને માલુમ પડી છે, તે માણસ લાંબી મુદત થવાં દુધ જેવા મેલા પેસાબના રોગથી પીડાતો હતો અને ઘણી દવાઓ તેના કેશમાં નીષ્ફળ નીવડી હતી, તમારી પહેલીજ યાકુતીએ તેના પેસાબને કેવી રીતે સ્વચ્છ બનાવ્યો તેની અટકળ હું પણ કરી શકતો નથી. એક આખી ડબીએ તો તેને એક ત્રીશ વર્ષનો જુવાન બનાવી દીધેલ છે, તમારી **શહેનશાહી યાકુતીમાં** બીજી ઘણીજ અગત્યની ખાસીયત એ છે કે તે કોઇપણ દીવસ બંધકોષ ઉત્પન કરતી નથી, પણ તે હોયતો તેને મટાડે છે. જેમ કરવામાં આવી જાતની એટલે પઉષ્ટીક ગણાતી બીજી દવાઓ ઘણે ભાગે ખામી વાળી હોય છે. મારી ખાત્રી છે કે તે ગોળીઓમાં ઘણાજ કીમતી

તત્વો રહેલાં છે. મહેરબાની કરીને એ ગોળીઓની બીજી પાંચ ડબીઓ મોકલશો કારણકે હું મારા મિત્રોને તે યાકુતીનું દવા તરીકે સેવન કરાવું છું.

ધી. ચાઇના મીલ્સ લીમીટેડ
મુંબઈ

વ્હાલા સાહેબ,

તમારી ૪૦) **શાહેનશાહી યાકુતીની** ડબી પુરી કર્યા પછી મારે ખુલ્લા અંતઃકરણથી જણાવવું જોઈએ કે મારી યાદ શક્તિ વધી છે, શારીરિક નબળાઇ ઘટી ગઇ છે, ખોરાક લેવાની રૂચી સુધારાપર આવી છે, અને બંધકોશ મટી ગયો છે. વળી ત્રણ મર્દનના બાહ્યે પ્રચારથી મારૂં ખરજવું પણ ધીમે ધીમે નાશ પામતું જાય છે.

મે. હાજીઅબદુલ રહેમાન
મુઃ મુંબઇ

મહેરબાન સાહેબ,

તમારી **યાકુતીઓએ** મારા નબળા શરીર ઉપર ઘણીજ ચમત્કારીક અસર ઉત્પન કરી છે, તમે એક ઇશ્વરના અવતાર રૂપ જણાઓ છો, કે જે ઘણાં મોટા ડાકટરોની પણ શક્તિથી બહારના અતિશય ભયંકર દરદોને મટાડવા માટે આ દુનિયાપર આવેલા છો.

એચ. એ આર. સીરાજી
મુંબઇ

ડીયર સર,

વૈદ્યશાસ્ત્રી દયાશંકર હિરજીભાઈ તમારી **શાહેનશાહી** યાકુ-

તીની ડબી નંગ ૧ મારા શીરનામે વી. પી. થી મોકલવા મહેર-બાની કરશોજી.

મેસરસ અબદુલાજાન
લશકરી કંટ્રાકટર
કૃવેટા.

ડીયર સર,

વઇદ દયશંકર હિરજીભાઈ વિશેષ તમારી પ્રાઇસલીસ્ટની બુક તથા **શાહેનશાહી યાકુતીની** ડબી વી. પી. થી મોકલાવશોજી.

એસ. જયોર્જ
ઓપરેટર
વુડલાન્ડ હોટલ જે. રોસ એકસચાઇર
દીલ્હી.

વઇદ શાસ્ત્રી,

તમારી સલાહ પ્રમાણે મેં મારી સ્ત્રીને તમારી મશ્હુર **શાહેનશાહી યાકુતીનું** શેવન કરાવ્યું છે. માત્ર એકજ ડબીએ તેણીને ભયંકર રોગમાંથી બચાવી છે હવે તેણી પેડુના સખત દુખાવાની ફરીયાદ કરતી નથી. જયારથી તેણે તમારી ગોળીઓ લીધી ત્યારથી તેણીનો અટકાવ બંધ થયો છે અને તેણીએ ગર્ભ ધારણ કરેલ છે, આ સઘળું તમારી દવાની અસરથી થયેલું છે. હું અને તેણી તમારો ઘણોજ આભાર માનીએ છીએ.

અબદુલ કાદર બીનકાજી
બાંગલોર.

વ્હાલા સાહેબ,

તમોને જણાવવાને હું ખુશી છું કે તમારી "શાહેન શાહી ચાકુતીએ મારા શરીરમાં અસાધારણ ફેરફાર કર્યો છે. એક મહીના પહેલાં જ્યારે પીઠના સખ્ત દરદથી હું પીડાતો હતો ત્યારે આ ચાકુતી મને આપવામાં આવી હતી અને તે તમારી અજાયબ જેવી ચાકુતીમાંથી હું જણાવી શકું તેના કરતાં મને વધારે ફાયદો થયો છે.

મેસરસ હરીભાઇ જીવાભાઈ

સુરત.

વ્હાલા સાહેબ,

તમોને ખબર આપવાને માટે હું ઘણોજ ખુશી છું, કે તમે મોકલેલી શાહેન શાહી ચાકુતી જે મને મુંબઇ તમારા એજંન્ટ મારફત મોકલી તેનાથી મને ઘણોજ ફાયદો થયો છે વળી મેં બીજી ઘણી દવાઓ અજમાવી છે પણ તેમાથી મને કંઇ ફાયદો થયો નથી. આ ચાકુતીથી સ્ત્રીના અટકાવ સંબંધી જાતની અનિયમીતતાને દુર કરવાનો તો ખાસ ઇલાજ છે જો કોઇપણ માણસ આ ચાકુતી-નું સેવન કરવાની ઇચ્છા કરે તો ચોકકસ છે કે તેને પોતાની આખી જીંદગીમાં કોઇપણ જાતનું દરદ થાય નહિ હું તમારી લાંબી જીંદગી અને આબાદી માટે પ્રથના કરૂં છું.

અબદુલકાર સમસુદીન

મુંબઇ.

હું આશા રાખું છું કે માનવંતા વઇદ શાસ્ત્રી દયાશંકર હિરજી-ભાઇ આ હકીકત જાણીને ખુશી થશે કે ધાતુપાત અને નપુંસ્તકા વગેરે દરદો માટે પેપરોમાં જાહેર થતી ખાસ તમામ દવાઓ મેં

દવા તરીકે અજમવી જોઇ છે અને તેઓ બંધકોષ્ઠ ઉત્પન્ન કરતી માલુમ પડી છે, જ્યારે માત્ર **શહેનશાહી યાકુતી** દરદીને કોઠો સાફ રાખવાની એટલે દસ્ત સાફ લાવવાની અસર છે કે જે વાત, ધાતુપાત તથા વીર્ય સબંધી નબળાઇ ભોગવતા તમામ દરદીઓને ખાસ ઇચ્છવા યોગ્ય છે.

અબદુલહાજી મહમદકાશમ
કલકત્તા.

શહેનશાહી યાકુતી તથા કામ વીલાશ લેપના ક્રમવાર થતા ફાયદાઓની ટુંક નોધ.

શહેનશાહી યાકુતી ખાવાની શરૂઆત કરતાં રોગની વેદના દુર પડે છે. આ પછી એ યાકુતીની અસરનું બીજું પગથીયું મંડાયછે. તેમાં લોહી સુદ્ધ થાયછે તથા વધારે ઉતાવળથી શરીરમાં ફરવા લાગે છે. ભુખ સારી લાગવા માંડેછે, મગજ તાજો થાય છે. શરીરમાં બળ તથા સ્ફુર્તી દેખવા લાગેછે. વીર્ય ઘટ્ટ બનેછે તથા શરીરમાં તેનો જમાવ થવા લાગેછે અને ધાતુસ્રાવ વચ્ચેનો અંતર લંબાતાં લંબાતાં આખરે ધાતુપાત તદ્દન બંધ પડી જાય છે. ત્રીજે પગથીયે ઇંદ્રિયો વધારે બળવાન થાયછે, આંખનું તેજ વધેછે. શરીર યોગ્યપણામાં વધવા લાગેછે, અને ગુમ થયેલી શક્તિ તેની અસલ સ્થિતિએ આવી પહોચે છે, છેવટના અથવા ચોથા પગથીયાપર એ યાકુતીની અસરથી પુરૂષ મજબુત અને કદાવર બનેછે તથા બહારથી તેમજ અંદરથી દરેક જાતના રોગના હુમલાસામે સહીસલામત ટકી રહી શકે છે.

કામ વીલાશ લેપ લગાવવાની શરૂઆતમાં આસપાસનાં માંસમાં યોગ્યપ્રમાણમાં વધારો થવાથી બહાર દેખાતી નસો બેસી જવા લાગે

અને અદ્દશ્ય થાયછે. આ તેલની અસરનું બીજું પગથીયું મંડાયછે ત્યારે તેમાં ગુપ્ત અવયવની વાંકી અને વળેલી સ્થિતિ સુધરેછે અને દરેક ખામી ખોડ દુર થાયછે. ત્રીજા પગથીયાપર અવયવની કરચલી અને નબળી સ્થિતિ મટી અને તેની કમી થયેલી અથવા ગુમ થએલી શક્તિ તેને પાછી મળેછે અને છેવટમાં અથવા ચોથા પગથીયાપર તે તેઓ સંપુર્ણ પુરૂષત્વ આપે છે.

સક્કર બંદર તા—૧—૫—૧૭ ભોમવાર.

પુજ્યા રાધ્યે અનેક સર્વે સુભોપમા લાયક મિરાજ માન મહા વિવેક સાગર મહેરબાન મુરબ્બી વંતા વઇદ શાસ્ત્રી દયાશંકરભાઇ હિરજીભાઇની પવિત્ર શેવામાં.

મું. કરાંચી બંદર

પુજ્ય શ્રી સકકર બંદરથી લી. દાસાનુદાસ આજ્ઞાંકિત કીંકર શાહ હરગોવીન્દદાશ વીઠલદાશ શ્રી ધ્રાંગધ્રા વાલાના સવિનય સાષ્ટાંગ દંડવત પ્રણામ સ્વીકારશોજી.

વીશેશ લખવા વિનતી જે મને હરસ મસાની વ્યાધી લગભગ વીશ વર્ષ થયાં છે. ઘણાજ સ્થળે ઘણાજ સુપ્રસિદ્ધ વઇદો, હકીમો અને ડાકટરોની ઈંગ્લીશ દવાઓનો ઉપયોગ કર્યો પરંતુ મારા કમનસીબે કોઇબી દવા અશર કરતી નથી. વળી હમેશ મટે ઉપરોકત દરદથી રીબાવું પડેછે. જેથી તદન ગરીબાઇ સ્થિતિને આધીન થયો છું પઇસે ટકે હદપાર કંગાલ છું. નીચેની બીનાથી રોશન થાશોજી.

સંવારમાં સાડા છ વાગે. ઝાડેજ જઊં છું. પ્રથમ ગાઠ બહાર નીકળ્યા બાદ. ઝાડો નહીં પતલો કે નહીં કઠણ તેવી સ્થિતિમાં ઉતરે છે. ગાંઠ બહાર નીકળવાથી અત્યંત દુઃખ

થાયછે. ઉપરા ઉપરી ત્રણ ચાર વખત ઝાડે જવું પડેછે લગભગ ત્રણ ચાર વખત ઝાડે જતાં દોઢ પોણા બેકલાક થાય છે. ત્યાર બાદ હાથપગ ધોઈ પથારી વશ થાવું પડેછે. લગભગ મહા મુશીબતે દોઢ કલાકે ગાંઠ અંદરના ભાગમાં સમાયછે ત્યાર બાદ ન્હાવા ધોવાનું અને ખાવા પીવાનું ભાન થાયછે. આવા અસાધ્ય દુઃખથી કંટાળી તદ્દન કફોડી સ્થિતિમાં જયાં ત્યાં સર્વીસમાટે ભટકયા કરૂં છું સવારના અગીયાર વાગ્યા સુધી મહા મુશીબતે આ દરદમાંથી મુકત થાઉ છું. તો બપોર પછી સર્વીસ બની શકે, તો તેવી સર્વીસ ચાલતા જમાનામાં કયાંથી મળી શકે. એવાં સુભાગ્ય આ લેખકના કયાંથી હોય માટે "કદરદાન સાહેબ" આ અરજદારની નમ્ર દલીલ તરફ આપનું પવિત્ર દીલ ખેંચશો તો આપનું પરમાત્મા શ્રેય કરશેજ દશાર્ણયયાં ઘરભંગ છું, ફરીને નવું મેરેજ કરેલ નથી મુશીબતથી હાલ મારૂં ઉદર પોષણ ચલાવું છું મારી તમામ હકીકત ભાઇ પોપટલાલ ભાઇ સારી રીતે જાણે છે, માટે "પરદુઃખ ભંજન" કોઇબી રીતે આ શેવકને લાઇનપર લાવવા આપના પવિત્ર અંતઃકરણમાં શુભ પેરણા ધરાવવા તસ્દી લેશોજી.

બાદ મારે આપની દવા કયાં સુધી ખાવી પડશે અને શું શું પરહેજી રાખવી પડશે દવા કયા કયા ટાઇમે શું અનુપાનથી લેવી, જમવામાં શું ખાવું, દવાનો ચમત્કાર કેટલા દિવસે પ્રકાશશે ગાંઠ નીકળતી કયારે બંધ થશે તે મહેરબાની કરી રહેમ લાવી સ્વીસ્તર લખાવવા તસ્દી લેશોજી.

ભાઈ શ્રી પોપટલાલના કહેવા મુજબ આપે મારા માટે તાજી દવા કરાવી હોય તો વી. પી. થી નીચેના

શિરનામે મોકલાવસોજી હું હાલ ગરીબ સ્થિતિનો માણુસ છું, તો કૃપા કરી વ્યાજબી રીતે ન્યાયથી વી. પી. થી દવા મોકલશો હરસનું દરદ તદ્દન કેટલા દીવસમાં નાબુદ થશે તે પણ જણાવશો, આરામ સારી રીતે થયા બાદ ભાઈ પોપટલાલના કહેવા પ્રમાણે રૂપીયા મોકલાવી આપીશ કાંઈ ફીકર કરસો નહિં, ફકત મારી એટલી અરજ આપની પાસે છે જે હું હાલ ગરીબ માણુસ છું તેનો પાકો ખ્યાલ રાખસોજી વિષેષ લખી વાંચવા તસ્દી આપતો નથી.

બાદ પ્રથમએ હરસે ઉપર લગાવવાની દવા ધ્રાંગધ્રાવાળા પ્રસિદ્ધ ડાકટરની લીધી હતી અને તેથી મને ઘણી બળતરા થઈ હતી અને બાવીસ દીવસ સુધી બલતરા ચાલુ રહી હતી અને મારે પથારી વશ થવુ પડ્યું હતું જેથી મેં આપની દવા વાપરવાની ઢીલ કરી હતી પરંતુ આપનો પત્ર આવ્યો ત્યાર પછી મે તમારી દવા વાપરી તેથી મને ઘણોજ આરામ છે. એજ તા-૧૫-૫-૧૭.

દઃ હરગોવીંદદાસ વીઠલદાસના દંડવૃત પ્રણામ.